dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-318 | AD - 2026, Shravan Sud -12 | Monday, Dt. 24-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### લાંબા સમયથી ભારત વિરોધી ષડયંત્રો, નવી ભરતી, આતંકી તાલીમ અને કટ્ટરપંથી બ્રેઈનવોશિંગનું મુખ્ય કેન્દ્ર

## પાકિસ્તાનની અવળચંડાઈ: 'ઓપરેશન સિંદૂર'માં ધ્વસ્ત જૈશનું હેડક્વાર્ટર ૨૫ કરોડના ખર્ચે ફરી તૈયાર કર્યું

નવી દિલ્હી,તા.૨૩

ભારતીય વાયુસેના દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાનના બહાવલપુરમાં નષ્ટ કરી દેવાયેલું ત્રાસવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય મથક 'મરકઝ સુભાન અલ્લાહ' ૧૫ મહિનાના સમયગાળા બાદ ફરીથી પૂર્ણ રીતે તૈયાર થઈ ગયું છે. તાજેતરના અહેવાલો મુજબ, આંતરરાષ્ટ્રીય સરહદથી અંદાજે ૧૦૦ કિલોમીટર દૂર આવેલા આતંકી અડ્ડાને નવા આરસપહાણ, આકર્ષક રંગરોગાન અને પ્લાસ્ટર વડે નવેસરથી સજ્જ કરવામાં આવ્યું છે.

૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા નિર્મમ આતંકી હુમલામાં ૨૬ માસૂમ નાગરિકોના મોત થયા હતા. આ કાયરતા પૂર્ણ હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ કડક કાર્યવાહી કરતા ૬ અને ૭ મે ૨૦૨૫ની મધ્યરાત્રિએ 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. આ મિશન અંતર્ગત પાકિસ્તાન અને પીઓજેકેમાં સ્થિત અનેક આતંકી છાવણીઓ પર સચોટ મિસાઈલ અને એરસ્ટ્રાઈક કરવામાં આવી હતી. ભારતીય વાયુસેનાના આ હુમલામાં બહાવલપુર ખાતે આવેલા જૈશ-એ-મોહમ્મદના મુખ્ય મથકના ગુંબજ અને સેન્ટ્રલ હોલ સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ



ગયા હતા અને સંકુલને ભારે ક્ષતિ પહોંચી હતી. પરંતુ હવે સામે આવેલા તાજા વિઝ્યુઅલ્સ અને સેટેલાઈટ તસવીરો દર્શાવે છે કે બોમ્બમારાથી પડેલા ઊંડા ખાડા પૂરીને સમગ્ર ઈમારતનું સમારકામ પૂરજોશમાં પૂર્ણ કરી દેવાયું છે.

મળતી માહિતી મુજબ, પાકિસ્તાન સરકારે આ આતંકી કમ્પાઉન્ડના પુનર્નિર્માણ માટે જૈશ-એ-મોહમ્મદને કટોકટીના ધોરણે ૨૫ કરોડ પાકિસ્તાની રૂપિયા રોકડા ફાળવ્યા હતા. જેમાંથી મુખ્ય સેન્ટ્રલ હોલના નવીનીકરણ અને સમારકામ પાછળ જ આશરે ૧૧ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત એરસ્ટ્રાઈકમાં ક્ષતિગ્રસ્ત થયેલા સંકુલ સ્થિત 'મદરેસા અલ-સબીર' અને જૈશના ટોચના કમાન્ડરોના રહેણાંક વિસ્તારને પણ સંપૂર્ણપણે તોડી પાડીને નવેસરથી આધુનિક બાંધકામ કરવામાં આવ્યું છે.

અંદાજે ૧૮ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું આ 'ઉસ્માન-ઓ-અલી કેમ્પસ' લાંબા સમયથી ભારત વિરોધી ષડયંત્રો, નવી ભરતી, આતંકી તાલીમ અને કટ્ટરપંથી બ્રેઈનવોશિંગનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. ભારતમાં થયેલા ૨૦૦૧નો સંસદ હુમલો, ૨૦૧૬નો પઠાણકોટ એરબેઝ હુમલો અને ૨૦૧૯નો પુલવામા આત્મઘાતી હુમલો આ તમામ મોટી આતંકી ઘટનાઓનું કાવતરું આ જ સ્થળે ઘડાયું હતું. હાલમાં જૈશ પ્રમુખ મસૂદ અઝહર ગંભીર બીમારીથી પીડિત હોવાથી આ અડ્ડાનું સમગ્ર સંચાલન અને વહીવટ તેના ભાઈઓ તલહા અલ-સૈફ અને અમ્માર અલ્વી સંભાળી રહ્યા છે.

## અયોધ્યામાં દાન ચોરી વિવાદ બાદ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને નિર્માણ સમિતિ વચ્ચે તણાવ ચરમસીમાએ

અયોધ્યા,તા.૨૩

અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરીની ઘટના સામે આવ્યા બાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને રામ મંદિર નિર્માણ સમિતિ વચ્ચેનો મતભેદ ગંભીર વળાંક લઈ રહ્યો છે. અગાઉ આ ખેંચતાણ આંતરિક ચર્ચાઓ પૂરતી સીમિત હતી, પરંતુ હવે તે ઔપચારિક અને વહીવટી બેઠકોમાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

દાન ચોરીના કૌભાંડ બાદ યોજાયેલી ટ્રસ્ટની બે મહત્વપૂર્ણ બેઠકોમાં નિર્માણ સમિતિના અધ્યક્ષ



નૃપેન્દ્ર મિશ્રા ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ, જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન યોજાયેલી નિર્માણ સમિતિની બેઠકોમાં ટ્રસ્ટના કોઈ પણ જવાબદાર હોદ્દેદાર ઉપસ્થિત રહ્યા નહોતા. ચંપત રાય અને ડો. અનિલ મિશ્રાના રાજીનામા બાદ નિર્માણ સમિતિની બેઠકોમાં ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ બંધ થઈ ગયું છે.

૬ જૂને ઘટના પ્રકાશમાં આવ્યા બાદ નૃપેન્દ્ર મિશ્રાએ આ ઘટનાને સામાન્ય 'ચોરી નહીં પરંતુ લૂંટ' ગણાવી હતી અને પોતાની જવાબદારી કેવળ મંદિર નિર્માણ કાર્ય પૂરતી જ મર્યાદિત હોવાનું સ્પષ્ટ કર્યું હતું. આ વિવાદ વચ્ચે તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પૂર્વ એકાઉન્ટ્સ ઈન્ચાર્જે વડાપ્રધાન કાર્યાલય અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી કાર્યાલયમાં નાણાકીય અનિયમિતતાઓ અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે, જેનાથી તણાવ વધુ ઘેરો બન્યો છે.

## હિમાચલ પ્રદેશમાં ચાલુ વર્ષે ભારે વરસાદથી ૧૪૯ રસ્તાઓ બંધ, અત્યાર સુધીમાં ૨૨૪ લોકોના મોત

શિમલા,તા.૨૩

હિમાચલ પ્રદેશમાં અવિરત વરસાદ અને ચોમાસાએ ભારે વિનાશ સર્જ્યો છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટર (SEOC) ના તાજેતરના અહેવાલ મુજબ, મુશળધાર વરસાદને કારણે ૧૪૯ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ થઈ ગયા છે, જેમાંથી સૌથી વધુ ૮૬ રસ્તાઓ મંડી જિલ્લામાં અવરોધાયા છે. આ ઉપરાંત ૬૦ વીજ ટ્રાન્સફોર્મર ખોરવાયા છે અને ૩૫ પીવાના પાણીની



યોજનાઓને માળખાકીય અસર પહોંચી છે.ચોમાસાની આ સિઝનમાં રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨૨૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૩૩૦ લોકો ઘાયલ થયા છે. તેમાંથી ૯૧ લોકોના મોત ભૂસ્ખલન, પૂર અને પથ્થર ધસી પડવા જેવી કુદરતી આપત્તિઓને કારણે થયા છે, જ્યારે ૧૩૩ લોકોના મોત વરસાદ દરમિયાન થયેલા માર્ગ અકસ્માતોમાં થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે રૂ.૧,૧૨૧.૩૦ કરોડથી વધુનું આર્થિક નુકસાન નોંધાયું છે, જેમાં જાહેર મિલકતો, ઘરો અને ગૌશાળાઓને ભારે ક્ષતિ પહોંચી છે. હવામાન કેન્દ્ર શિમલાએ કાંગડા, મંડી અને ચંબા જેવા વિસ્તારોમાં હજુ પણ ભારે વરસાદ અને વીજળીના કડાકા-ભડાકા સાથે ચેતવણી આપી છે. વહીવટીતંત્રે લોકોને નદી-નાળા અને ભૂસ્ખલન સંભવિત વિસ્તારોથી દૂર રહેવાની સલાહ આપી છે.

### ભારત-ચીન સરહદ વિવાદ અંગે મહત્વપૂર્ણ રાજદ્વારી વાટાઘાટો

## અજિત ડોભાલ અને વાંગ યી વચ્ચે બેઈજિંગમાં બેઠક યોજાશે

નવી દિલ્હી,તા.૨૩

ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સરહદ વિવાદને ઉકેલવા માટે એક મહત્વપૂર્ણ રાજદ્વારી મુલાકાત યોજાવા જઈ રહી છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ બેઈજિંગ પહોંચશે, જ્યાં તેઓ ભારત-ચીન સરહદ પ્રશ્ને ખાસ પ્રતિનિધિઓની વાટાઘાટોમાં ભાગ લેશે. આ બેઠક દરમિયાન તેઓ ચીનના



વિદેશ મંત્રી વાંગ યી સાથે દ્વિપક્ષીય સંબંધો અને વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પરની સ્થિતિ અંગે સઘન ચર્ચા કરશે. આ વાટાઘાટો એવા સમયે થઈ રહી છે જ્યારે બંને દેશો સરહદી વિસ્તારોમાં તણાવ ઓછો કરવા અને લશ્કરી મુકાબલાની સ્થિતિ હળવી કરવા પ્રયાસ કરી રહ્યા છે. જૂન ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલી હિંસક અથડામણ બાદ પૂર્વી લદ્દાખમાં મોટી સંખ્યામાં સૈનિકો અને લશ્કરી સાધનોની તૈનાતીને કારણે બંને દેશો વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ સર્જાયો હતો. ત્યારથી રાજદ્વારી અને સૈન્ય સ્તરે અનેક રાઉન્ડની વાર્તાલાપ યોજાઈ છે.

ભારત અને ચીન વચ્ચે સ્થાપિત આ વિશેષ પ્રતિનિધિ તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર તત્કાલિન સૈન્ય તણાવ ઘટાડવાનો જ નથી, પરંતુ સરહદ વિવાદનો વ્યાપક અને દીર્ઘકાલીન રાજકીય ઉકેલ શોધવાનો છે.

ભારતે હંમેશાં સ્પષ્ટ કર્યું છે કે સરહદ પર શાંતિ અને સ્થિરતા જ દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા માટેની પ્રાથમિક શરત છે. ડોભાલની આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવાની દિશામાં અત્યંત નિર્ણાયક માનવામાં આવે છે.

## યુપીમાં રસોઈયાઓ માટે માનદ વેતનમાં વધારો અને કેશલેસ સ્વાસ્થ્ય સુવિધા શરુ

લખનૌ,તા.૨૩


લખનૌ ખાતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પીએમ પોષણ યોજના હેઠળ કામ કરતા ૩.૫૩ લાખ રસોઈયાઓ કેશલેસ તબીબી કાર્ડનું વિતરણ કર્યું.

આ કાર્યક્રમ રસોઈયાઓનું માનદ વેતન બે હજારથી વધારીને ત્રણ હજાર રૂપિયા કરવામાં આવી. સાથે બે લાખ રૂપિયા અકસ્માત વીમો, પાંચ લાખ રૂપિયા સુધી કેશલેસ સારવાર અને સાડી ખરીદવા માટે રકમ પાંચસોથી વધારી એક હજાર રૂપિયા કરવામાં આવ્યા. સરકાર દ્વારા આ ચાર પ્રકારની યોજનાઓની જાહેરાત રક્ષાબંધન પહેલા કરવામાં આવ્યો છે જેથી રસોઈયાઓને સામાજિક સુરક્ષા મળે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૪-૦૮-૨૦૨૬

# ખાંડના ભાવમાં તોતિંગ વધારાથી મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું

**તહેવાર ટાણે જ ભાવ વધતા મીઠાઈના વેપારીઓ પરેશાન**

અમરેલી, તા.૨૩

રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ખાંડના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોની આર્થિક મુશ્કેલીમાં વધારો થયો છે. તહેવારો દરમિયાન મીઠાઈ સહિતની ચીજવસ્તુઓની ખરીદી વધતી હોય છે, ત્યારે ખાંડના ભાવમાં અચાનક થયેલા વધારાની સીધી અસર લોકોના ઘરગથ્થુ બજેટ પર પડી રહી છે.બજારમાં સામાન્ય દિવસોમાં રૂ.૪૦થી રૂ.૪૪ પ્રતિ કિલોના ભાવે મળતી ખાંડનો છૂટક ભાવ હાલમાં વધીને રૂ.૬૬ પ્રતિ કિલો સુધી પહોંચ્યો છે. કેટલાક વિસ્તારોમાં અને કેટલીક દુકાનો પર ખાંડનો ભાવ રૂ.૭૦થી રૂ.૭૧ પ્રતિ કિલો સુધી પહોંચી ગયો હોવાનો વેપારીઓ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. ટૂંકા ગાળામાં ખાંડના ભાવમાં થયેલા આ વધારાથી ગ્રાહકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે.તહેવારોની મોસમમાં ઘરમાં મીઠાઈ અને અન્ય વાનગીઓ બનાવવાનું પ્રમાણ વધતું હોવાથી ખાંડની માંગમાં પણ વધારો થાય છે. આવી સ્થિતિમાં ખાંડના ભાવ ઊંચા રહેતાં મીઠાઈના ભાવ



પર તેની સીધી અસર પડવાની શક્યતા છે. આ ઉપરાંત બેકરી ઉત્પાદનો, મીઠાઈ અને ખાંડનો ઉપયોગ થતી અન્ય ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો થઈ શકે છે.વેપારીઓના જણાવ્યા મુજબ ખાંડના ભાવમાં વધારા પાછળ અનેક પરિબળો જવાબદાર છે. દેશમાં પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાની નીતિને કારણે શેરડીના ઉપયોગ અને ખાંડના ઉત્પાદન વચ્ચેનું સંતુલન પણ ચર્ચાનો વિષય બન્યું છે. શેરડીમાંથી ખાંડ ઉપરાંત ઈથેનોલના ઉત્પાદનને પ્રોત્સાહન મળતાં ખાંડના ઉત્પાદન અને ઉપલબ્ધતા પર તેની અસર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.તહેવારો નજીક હોવાના કારણે આગામી દિવસોમાં ખાંડની માંગ વધુ વધવાની શક્યતા છે. જો ભાવમાં ઘટાડો નહીં થાય તો મીઠાઈ તથા અન્ય ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પણ વધી શકે છે. પહેલેથી જ મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે આ વધારાનો વધારાનો બોજ બની શકે છે.ખાંડના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા બજાર પર સતત નજર રાખવામાં આવે અને પૂરતો જથ્થો ઉપલબ્ધ રહે તે માટે જરૂરી પગલાં લેવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે. તહેવારો દરમિયાન કૃત્રિમ અછત કે સંગ્રહખોરીના કારણે ભાવમાં વધુ વધારો ન થાય તે માટે તંત્ર દ્વારા બજારની નિયમિત તપાસ કરવામાં આવે તેવી પણ ગ્રાહકોની અપેક્ષા છે.

# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ૨૦ પોલીસ સ્ટેશન વિસ્તારમાં “અમરેલી સુરક્ષા કવચ” એપ્લિકેશન અંગે સેમિનાર યોજાયો

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લા કાયદો અને વ્યવસ્થા મજબુત કરવા અને બહારથી આવતા મજૂરો કારીગરો વિગત ડિજિટલ રાખવા અમરેલી સુરક્ષા કવચ એપ્લિકેશન અમલમાં મુકાયા છે. ૨૦ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સેમિનાર યોજીને સંભવિત ગુના અટકાવવા અને




તપાસ ઝડપી કરવા માર્ગદર્શન આપ્યુ છે.અમરેલી સાવરકુંડલા લાઠી લીલીયા રાજુલા જાફરાબાદ જેવા વિસ્તારમાં ૧૮૮૮ જેટલા મજૂરો સ્થળ પર રજિસ્ટ્રેશન કરાયા. જેમાં માલિક વિગત, આધારકાર્ડ, બેંક, વાહન, પરિવાર અને વતનની માહિતી ઓનલાઈન અપલોડ કરી. સીસીટીવી કેમેરા મહત્વ બતાવીને પોલીસે નાગરિકો, ખેડૂતો અને સંસ્થાઓને મજૂરો નોંધણી કરાવી સહકાર આપવા અપીલ કરાયા.

# અમરેલીમાં વેચાણ દસ્તાવેજની મિલ્કત કાર્ડમાં નોંધણી મુદ્દે રાજુભાઈ મિલનની રજૂઆત

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લા ભાજપ કારોબારી સભ્ય રાજુભાઈ મિલને રાજ્યના સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકને પત્ર લખીને અગત્યની રજૂઆત કરી છે.તેમણે જણાવ્યુ છે કે અમરેલી શહેર વિસ્તારમાં પાંચ વર્ષથી પણ વધુ સમયથી સબરજીસ્ટ્રાર દ્વારા મોકલવામાં આવેલ ઈન્ડેક્ષ આધારિત મિલ્કત કાર્ડમાં જરૂરી નોંધણીઓ કરવામાં આવી નથી. આના લીધે સ્થાનિક મિલ્કત ધારકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.તેમણે માંગ કરી છે કે પડતર ઈન્ડેક્ષ આધારિત મિલ્કત કાર્ડમાં મિલ્કત ધારકના નામની નોંધણી સત્વરે કરવા માટે



અમરેલી શહેર વિસ્તારના સબંધિત અધિકારીને કડક સુચનાઓ આપવામાં આવે.વધુમાં જણાવ્યુ છે કે જો મિલ્કત ધારક પાસે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ઉપલબ્ધ હોય અને તે રજુ કરે, તો પછી ઈન્ડેક્ષનો વગર કારણનો આગ્રહ ન રાખવો જોઈએ. આ બાબતે પણ સબંધિત અધિકારીઓને તાત્કાલિક સુચના આપવી જોઈએ જેથી લોકોને પડતી હાલાકીનો અંત આવે.

# સાવરકુંડલા નાગરિક બેંક ચૂંટણી: ૭૧ વર્ષ જૂની સંસ્થામાં ત્રિપાંખીયો જંગ, શાંતિપૂર્ણ મતદાન

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં ૭૧ વર્ષ પ્રાચીન નાગરિક સહકારી બેંકની ચૂંટણી માટે આજે ઉત્સાહભેર અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બેંકના નવો ડિરેક્ટર મંડળ ચૂંટવા માટે કુલ ૧૩,૭૨૬ સભાસદ મતદારો નોંધાયેલા છે.સહકારી ક્ષેત્રની આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ પ્રેરિત જૂથો વચ્ચે સીધો સંગ્રામ જોવા મળી રહ્યો છે. ચૂંટણી મેદાનમાં કુલ ૨૭ ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે, જેમાં



ભારતીય જનતા પાર્ટી પ્રેરિત ૧૧ મેન્ડેટેડ ઉમેદવારો અને કોંગ્રેસ પ્રેરિત ૧૧ બિન-મેન્ડેટેડ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ સિવાય ૫ અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

# ધજડી ગામના પાટીએ બસ સ્ટેન્ડમાંથી દેશી બનાવટની પિસ્ટલ સાથે યુવક ઝડપાયો

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલાના બોઘરીયાણી ગામના પાટીએથી આગળ ધજડી ગામના પાટીએ બસ સ્ટેન્ડમાંથી એક યુવક દેશી બનાવટની પિસ્ટલ સાથે ઝડપાયો હતો. રામગઢના કુલદીપભાઈ ચંપુભાઈ ખુમાણ (ઉ.વ.૨૮) પાસેથી ગેરકાયદેસર લાઈસન્સ વગર પોતાના કબજામાં દેશી બનાવટની પિસ્ટલ મળી આવી હતી.

પોલીસ ચોપડે અગ્નિશસ્ત્રની કિંમત રૂ.૧૦,૦૦૦ જાહેર થઈ હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન એસ કુમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં દાઊદી વ્હોરા સમાજ દ્વારા મિલાદ-ઉન-નબી નિમિત્તે ભવ્ય જુલૂસ

બગસરા, તા.૨૩

બગસરા દાઊદી વ્હોરા સમાજ દ્વારા પયગંબર હજરત મુહમ્મદ (સ.અ.વ.) ના જન્મદિન મિલાદ-ઉન-નબીની ઉજવણીના ભાગરૂપે શહેરના મુખ્ય માર્ગો પર એક ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સરાફી મંડળીના એમ.ડી. નિતેશભાઈ ડોડીયા દ્વારા જુલૂસમાં જોડાયેલા તમામ



લોકોનું ચોકલેટ આપીને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. ભાઈચારા અને પ્રેમ સાથે કરાયેલા આ સ્વાગતથી શહેરમાં કોમી એકતા અને સદ્ભાવનાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પડ્યું હતું. સમગ્ર આયોજન દરમિયાન શાંતિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# બગસરામાં સ્વ. છગન ભગત વસાણીની ૧૪મી પુણ્યતિથિએ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

બગસરા, તા.૨૩

બગસરા મુકામે રામદેવપીર મંદિરે સ્વ. છગન ભગત વસાણીની ૧૪મી પુણ્યતિથિ નિમિત્તે માધ્યમિક શાળાના સર્વે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહ યોજાયો હતો. નાલંદા શાળાની બાળાઓના સ્વાગત ગીત અને રાષ્ટ્રગીતથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. સુરતના અગ્રણી



ઘનશ્યામ બિરલાએ પિતાની સ્મૃતિ જીવંત રાખવા સ્થાપેલા છગનભાઈ ગાંડાભાઈ વસાણી સદભાવના ટ્રસ્ટ દ્વારા રક્તદાન, વૃક્ષારોપણ અને કિટ વિતરણ જેવા સેવાકાર્યો કરવામાં આવે છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયા અને પર્યાવરણ ક્ષેત્રે યોગદાન બદલ ચેતન દેવલુકનું સન્માન કરાયું હતું. જે. કે. ઠેસિયા, વિપુલ ભેસાણીયા અને વિવિધ સમાજના પ્રમુખોએ હાજરી આપી બિરલાને બિરદાવ્યા હતા. સોનલબેન અને દયાબેને સંચાલન કર્યું તથા વહીવટી કમિટીએ કાર્યક્રમ સફળ બનાવ્યો.

# અમરેલીમાં કૌશિક વેકરીયાની PGVCLના અધિકારીઓ સાથે વિજ પ્રશ્ને બેઠક

અમરેલી, તા.૨૩

અમરેલી વર્તુળ કચેરી ખાતે PGVCLના અધિકારીઓ સાથે ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવીયા, ધારાસભ્ય જનક તળાવીયા સહિતના આગેવાનોની હાજરીમાં ખાસ બેઠક યોજવામાં



આવી હતી. જેમાં અમરેલી જિલ્લા અને આસપાસના વિસ્તારોના વીજ પ્રશ્નો અંગે વિગતવાર સમીક્ષા કરાઈ. બેઠકમાં નવા વીજ કનેક્શન, ટ્રાન્સફોર્મર, જૂની લાઈનો તેમજ વારંવાર થતા પાવર કટ અંગે સમીક્ષા થઈ. નાગરિકોને પડતી મુશ્કેલીઓનું સત્વરે નિરાકરણ લાવવા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. વીજ પુરવઠો નિયમિત મળે તે અંગે મિટીંગમાં ભાર મૂકવામાં આવ્યો હતો.









**ફતેપુરમાં ગૌચરમાંથી ગેરકાયદે સ્ટોક ઝડપાયો**

# ચાપાથળમાં શેત્રુંજી નદીના પટમાં ધોળે દિવસે ચાલતી રેતીચોરીનો પર્દાફાશ





અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી નદીના પટમાં બેફામ રીતે થઈ રહેલા કથિત ગેરકાયદે રેતખનનનો પત્રકારોની ટીમે સ્ટિંગ ઓપરેશન કરી પર્દાફાશ કર્યો હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. ચાપાથળ ગામ નજીક શેત્રુંજી નદીના પટમાં કોઈપણ પ્રકારની મંજૂરી કે પરવાનગી વિના ધોળે દિવસે રેતી કાઢવામાં આવતી હોવાની માહિતી મળતા પત્રકારોની ટીમ સ્થળ પર પહોંચી હતી. ટીમે સ્થળ પર પહોંચીને કેમેરા ચાલુ કરી સમગ્ર કામગીરીનું રેકોર્ડિંગ શરૂ કરતાં જ નદીના પટમાં અચાનક દોડધામ મચી ગઈ હતી.પ્રાપ્ત માહિતી મુજબ, ચાપાથળ ગામ નજીક શેત્રુંજી નદીના પટમાં હિટાચી અને જેસીબી મશીનોની મદદથી મોટા પ્રમાણમાં રેતી ખનન કરવામાં આવતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. નદીના પટમાંથી કાઢવામાં આવેલી રેતી ડમ્પરો અને ટ્રેક્ટરોમાં ભરવામાં આવતી હોવાનું પણ સ્થળ પર જોવા મળ્યું હતું. પત્રકારોની ટીમે સમગ્ર કામગીરીનું રેકોર્ડિંગ શરૂ કરતાં જ ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી હતી અને કેટલાક લોકો પોતાના વાહનો સ્થળ પર જ મૂકીને ત્યાંથી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

નદીના પટમાં આ પ્રકારની કામગીરી માટે સંબંધિત વિભાગની મંજૂરી લેવામાં આવી હતી કે કેમ તે અંગે પણ સવાલો ઉઠ્યા છે. જો પરવાનગી વિના રેતી ખનન કરવામાં આવ્યું હોય તો ખાણ-ખનીજ વિભાગ દ્વારા જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી બની છે. જોકે, સ્થળ પર કથિત રીતે ચાલતી કામગીરી અંગે તંત્ર દ્વારા અગાઉ કોઈ કાર્યવાહી કરવામાં આવી હતી કે કેમ તે અંગે પણ તપાસ જરૂરી બની છે.ચાપાથળ ગામ બાદ પત્રકારોની ટીમે ફતેપુર ગામમાં પણ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ગૌચરની સરકારી જમીન પર મોટા પ્રમાણમાં રેતીનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. સરકારી જમીન પર કોઈ મંજૂરી વિના રેતીનો જથ્થો રાખવામાં આવ્યો હોવાના આક્ષેપ અંગે ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. સ્થળ પર તાત્કાલિક તપાસ કરી રેતીના જથ્થા અંગે પંચનામું કરવામાં આવે અને જવાબદારો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી.

શેત્રુંજી નદીના પટમાં સતત અને મોટા પ્રમાણમાં રેતખનન થવાના આક્ષેપોને પગલે આસપાસના ગામોના ખેડૂતોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, નદીના પટમાં જરૂરિયાત કરતાં વધુ ખનન કરવામાં આવે તો નદીના તળની રચનામાં ફેરફાર થવાની સાથે ભૂગર્ભ જળસ્તર પર પણ તેની અસર થઈ શકે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન નદીમાં પાણીનો પ્રવાહ વધતા નદીના કાંઠા નજીક આવેલા ખેતરોમાં ધોવાણની સમસ્યા ઊભી થવાની ભીતિ પણ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

બીજી તરફ, રેતીચોરી સામે તંત્ર દ્વારા પૂરતી કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના આક્ષેપો પણ સમયાંતરે ઉઠતા રહ્યા છે. તાજેતરમાં સરંભડા ગામના ગ્રામજનોએ એકત્ર થઈ શેત્રુંજી નદીમાંથી થતી કથિત રેતીચોરી અટકાવવા લોકઅભિયાન શરૂ કર્યું હતું. ગ્રામજનો દ્વારા નદી અને આસપાસના વિસ્તારને બચાવવા માટે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

હવે ચાપાથળ અને ફતેપુર ગામ નજીકથી સામે આવેલા કથિત ગેરકાયદે રેતખનન અને સરકારી જમીન પર રેતીના જથ્થાના સંગ્રહના આક્ષેપોએ સમગ્ર મામલો વધુ ગંભીર બનાવ્યો છે. ખેડૂતો અને ગ્રામજનોની માંગ છે કે ખાણ-ખનીજ વિભાગ દ્વારા સમગ્ર મામલે તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે, રેતીના જથ્થા અને ખનન માટેની મંજૂરી અંગેના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે અને જો ગેરકાયદે પ્રવૃત્તિ સામે આવે તો જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.ગ્રામજનોનું કહેવું છે કે શેત્રુંજી નદી માત્ર પાણીનો સ્ત્રોત નથી, પરંતુ આસપાસના વિસ્તારોના ખેતી અને પર્યાવરણ માટે પણ મહત્વપૂર્ણ છે. તેથી નદીના પટમાં નિયમ વિરુધ્ધ થતું કોઈપણ ખનન તાત્કાલિક અટકાવવું જરૂરી છે. જો તંત્ર દ્વારા આ મામલે સમયસર કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ખેડૂતો અને ગ્રામજનો દ્વારા આપવામાં આવી છે. હવે ખાણ-ખનીજ વિભાગ દ્વારા આ સમગ્ર મામલે શું તપાસ કરવામાં આવે છે અને કથિત રેતખનન સામે કઈ કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર મંડાઈ છે.

### ફતેપુરમાં સરકારી જમીન પર રેતીનો જથ્થો

ફતેપુર ગામના ગૌચરમાં સરકારી જમીન પર મોટા પ્રમાણમાં રેતીનો જથ્થો સંગ્રહિત કરાયેલો જોવા મળ્યો હતો. આ અંગે ખાણ-ખનીજ વિભાગને જાણ કરી સ્થળ તપાસ, પંચનામું અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### ચાપાથળમાં સ્ટિંગથી નાસભાગ

ચાપાથળ ગામ નજીક શેત્રુંજી નદીના પટમાં હિટાચી અને જેસીબી વડે રેતખનન થતું હોવાની માહિતીના આધારે પત્રકારોની ટીમ પહોંચી હતી. કેમેરા ચાલુ થતાં જ રેતી ભરતા લોકોમાં દોડધામ મચી હતી અને કેટલાક વાહનો સ્થળ પર મૂકીને લોકો ફરાર થઈ ગયા હતા.

# બાબરાના કરીયાણા ગામે વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



બાબરા, તા.૨૩

અમરેલી જિલ્લા વન વિભાગ દ્વારા કરીયાણા ગામે ૭૭મા વન મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વૃક્ષારોપણ કરીને પર્યાવરણના જતન માટે ખાસ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના હોદ્દેદારો તેમજ વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત તમામ અગ્રણીઓએ ગામલોકોને વધુને વધુ ઝાડ વાવવાની અપીલ કરી હતી. કરીયાણાના ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર ઉજવણી દરમિયાન વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોનો નારો ગુંજી ઉઠ્યો હતો. સ્થાનિક આગેવાનો અને અધિકારીઓની હાજરીમાં કુદરતનું રક્ષણ કરવાનો અને આવનારી પેઢી માટે હરિયાળું વાતાવરણ નિર્માણ કરવાનો દ્રઢ સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ મહોત્સવથી ગામમાં હરિયાળી ક્રાંતિ માટે નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# બગસરાના ખાડિયામાં બોગસ બેન્ક ખાતા અને જીએસટી રિફંડનું મોટું કૌભાંડ

**ગરીબોના દસ્તાવેજોથી બોગસ ખાતા ખોલી કરોડોની કરચોરીની આશંકા**

બગસરા, તા.૨૩

બગસરાના જૂની નગરપાલિકા પાસેના ખાડિયા વિસ્તારમાં મની ટ્રાન્સફરની આડમાં મોટું આર્થિક કૌભાંડ ચાલતું હોવાની ચર્ચા છે. અસામાજિક તત્વો ગરીબ, નિરાધાર અને અશિક્ષિત લોકોના અંગત દસ્તાવેજો મેળવી બેન્કોમાં બોગસ ખાતાઓ ખોલાવે છે. આ ખાતાઓ ભાડે આપી ગેરકાયદે નાણાકીય વ્યવહારો માટે ઉપયોગમાં લેવાય છે.

આ ખાતાઓમાં ખોટી ખરીદ-વેચાણ દર્શાવી બોગસ બિલિંગ ઉભું કરાય છે. તેના આધારે સરકારમાંથી કરોડો રૂપિયાનું જીએસટી રિફંડ મેળવી મોટો ચૂનો લગાડવામાં આવે છે. મૂળ ખાતાધારકો આ કૌભાંડથી તદ્દન અજાણ રહે છે.

તંત્ર અને જીએસટી વિભાગ દ્વારા ખાડિયા વિસ્તારની મની ટ્રાન્સફર એજન્સીઓ તથા શંકાસ્પદ ખાતાઓની ઊંડાણપૂર્વક તપાસ કરાય તો આંતરરાજ્ય બોગસ બિલિંગ કૌભાંડ બહાર આવી શકે છે. સ્થાનિકો કૌભાંડીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

જયેશકુમાર જીતુભાઈ ભટ્ટીનું તા:૨૦/૮/૨૬ને ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણું તા:૨૪/૮/૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે મોઢ બ્રહ્મણ વાડી, કોલેજ રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

લાલજીભાઈ હીરજીભાઈ ગેડીયા (ઉ.વ:૮૧) તે રવજીભાઈ હીરજીભાઈ ગેડીયાના ભાઈ તથા પ્રકાશભાઈ લાલજીભાઈ ગેડીયાના પિતાનું તા:૨૨/૮/૨૬ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણું તા:૨૪/૮/૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને દેવળાગેટ શેઠ કોમ્પલેક્ષનું પાર્કિંગ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

હસમુખભાઈ કાનજીભાઈ ગેડીયા (ઉ.વ:૫૬) તે સ્વ કાનજીભાઈ રામજીભાઈ ગેડીયાના પુત્ર તથા નયનભાઈ , ધાર્મિકભાઈના પિતા અને ભૂપતભાઈ, નીતિનભાઈ, બટુકભાઈ તથા હિંમતભાઈના ભાઈનું તા: ૨૨/૮/૨૬ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણું તા:૨૪/૮/૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને માધવાણી વાડી શાળા નંબર ૭ ની સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

બગસરા નિવાસી ગૌ.વા. ત્રિભોવનભાઈ નાનજીભાઈ ખખ્ખરના ધર્મ પત્ની વિજ્યાબેન ત્રિભોવનભાઈ ખખ્ખર (ઉંમર વર્ષ ૮૪) તે સ્વ. રેખાબેન તથા રાજુભાઇ, દીપકભાઈ, હંસાબેન, તેમજ દિપ્તીબેનના માતુશ્રી તથા ઋષિત અને અક્ષિતના દાદીનું તારીખ ૨૩ને રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.સદ્દગતનું બેસણું તારીખ ૨૪ ને સોમવાર સાંજે ૪ થી ૬ કલાકે જૂની બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી ખત્રીવાડ બગસરા ખાતે રાખેલ છે.

**ભીલા**

ગં.સ્વ. કંચનબેન મગનભાઈ દેસાઈ (ઉ.વ.૬૬)નું તા.૨૩/૦૮/૨૦૨૬ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે જગદિશભાઈ મગનભાઈ દેસાઈ અને ભુપતભાઈ મગનભાઈ દેસાઈના માતા થાય છે. સદગતનુ બેસણુ તા.૨૪/૦૮/૨૦૨૬નો સોમવારના રોજ તેમના નિવસાસ્થાન ભીલા ખાતે રાખેલ છે.

## બાબરાના ખંભાળા ગામની સગીરાને નાનીકુંડળનો યુવક ભગાડી ગયો

બાબરા, તા.૨૩

બાબરાના ખંભાળા ગામની સગીરાને નાનીકુંડળનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ નાની કુંડળ ગામના સતીષભાઈ જેન્તીભાઈ વેલાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો.













# દામનગરમાં ૨૧ વર્ષથી ગરીબો મફત પ્લોટથી વંચિત: પાલિકા કક્ષાએ નવી નીતિનો લાભ આપવા માંગ

દામનગર,તા.૨૩



દામનગરને ગ્રામ પંચાયતમાંથી શહેરી દરજ્જો મળ્યાને ૨૦ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. વર્ષ ૨૦૦૫માં લાઠી તાલુકા પંચાયતની લેન્ડ કમિટી દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને મફત પ્લોટ ફાળવાયા હતા. ત્યારબાદ છેલ્લા ૨૧ વર્ષથી એકપણ ગરીબ પરિવારને મફત પ્લોટ મળ્યા નથી.મોંઘવારી અને આર્થિક સંકડામણના કારણે ગરીબો ખાનગી બિન-ખેતીની મોંઘી જમીન ખરીદી શકતા નથી. ૧૫મી ઓગસ્ટે રાજ્ય સરકારે જાહેર કરેલી ઉદાર નીતિ મુજબ દામનગર પાલિકા કક્ષાએ લેન્ડ કમિટીનું ગઠન કરવું જોઈએ. જો પાલિકા પાસે સરકારી જમીન ન હોય તો ખાનગી જમીન વેચાતી લઈ, બિન-ખેતી કરાવી ગરીબોને પ્લોટ કે આવાસ બનાવી આપવા સ્થાનિક આગેવાનોએ યોગ્ય રજૂઆત કરી આયોજન કરવું જરૂરી બન્યું છે.

# બાબરા-લીલવાડા-વાંકીયા રોડની ખરાબ સ્થિતિ મુદ્દે AAPની આંદોલનની ચીમકી

બાબરા, તા.૨૩



લાઠી વિધાનસભાના બાબરા તાલુકામાં બાબરાથી લીલવાડા થઈ વાંકીયા સુધીનો માર્ગ છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હાલતમાં છે. રોડ પર પડેલા મોટા ખાડાના કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે.આ બાબતે આમ આદમી પાર્ટીના નેતા જે.ડી.કથીરીયા તેમજ અન્ય કાર્યકરોએ સ્થળ પર જઈને રોડનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે તંત્રને ચેતવણી આપતા જણાવ્યું કે જો આઠ દિવસમાં આ રોડનું રિ-સરફેસિંગ અથવા રિપેરિંગ કરવામાં નહીં આવે તો સ્થાનિક લોકોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. લોકોની સુરક્ષા સાથે કોઈ પણ સમાધાન કરવામાં નહીં આવે.આ નિરીક્ષણ દરમિયાન કૌશિકભાઈ ભરાડ, રાજુભાઈ ખાતરોજા, ભુપતભાઈ વિરડીયા, નારાયણભાઈ ભોજાણી અને વશરામભાઈ ઝાપડીયા સહિતના સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા.

# ખોટા કેસમાં ફિટ કરી દેવાની ધમકી આપતાં યુવકે ખડ બાળવાની ઝેરી દવા પીધી

**લાઠીના ભીંગરાડ ગામે ઘટના બની**

લાઠી, તા.૨૩

લાઠીના ભીંગરાડ ગામે આવેલા એક સોલર પ્લાન્ટમાં યુવકને ખોટા કેસમાં ફિટ કરી દેવાની ધમકી અપાતાં ખડ બાળવાની ઝેરી દવા પી લેતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે ઈકબાલભાઈ ઉંમરભાઈ પઠાણ (ઉ.વ.૩૯)એ શેખ પીપરીયા ગામના મહેશભાઈ પ્રવિણભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમની પત્નીને આરોપી અવારનવાર ફોન કરી માનસિક ત્રાસ આપી હેરાન પરેશાન કરતા હતા. તેમજ તેમના પરિવારના સભ્યોને ખોટા કેસમાં ફિટ કરી દેવાની તથા મારી નાખવાની ધમકી આપતા તેમણે ખડ (ઘાસ) બાળવાની ઝેરી દવા પી લેતાં સારવાર માટે દાખલ કરાયા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની દીકરીઓએ રક્ષાબંધન પર્વે રૂ.૫૧ હજાર શહેરના વિકાસ માટે અર્પણ કર્યા

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા શહેરની શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામમંદિર સંચાલિત શાળાઓની દીકરીઓએ રક્ષાબંધન પર્વે અનોખું સેવાકાર્ય કર્યું હતું.

દીકરીઓએ ધારાસભ્ય, પ્રાંત અધિકારી, મામલતદાર, નગરપાલિકા પ્રમુખ, પોલીસ અધિકારીઓ, પત્રકારો, વકીલો, ડોક્ટરો, બેંક મેનેજરો તથા શાળાના આચાર્યોને રાખડી બાંધી રક્ષાના આશીર્વાદ લીધા હતા.



તસવીર : સૌરભ દોશી

આ પ્રસંગે મહાનુભાવોએ દક્ષિણારૂપે રૂ. ૨૦,૯૩૦ આપ્યા હતા. ધારાસભ્યએ રૂ. ૫,૦૦૦નું યોગદાન આપ્યું હતું. જ્યારે શાળા પ્રશાસન અને ટ્રસ્ટ દ્વારા રૂ. ૨૫,૦૦૦ ઉમેરવામાં આવ્યા હતા. આમ કુલ રૂ. ૫૧,૦૦૦ની રકમ સાવરકુંડલા નગરના વિકાસ કાર્યો માટે અર્પણ કરવામાં આવી હતી. દીકરીઓના આ સેવાભાવ અને નગરપ્રેમની સમગ્ર પંથકમાં સરાહના થઈ રહી છે.

# રાજુલાના ચાંચ બંદર વાડી વિસ્તારમાં પારિવારિક ઝઘડાના મનદુઃખમાં યુવક પર હુમલો

**પતિ-પત્ની સામે પોલીસ ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા.૨૩

રાજુલાના ચાંચ બંદર વાડી વિસ્તારમાં પારિવારિક ઝઘડાના મનદુઃખમાં યુવક પર હુમલો કરાયો હતો. પતિ-પત્ની સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બનાવ અંગે વનરાજભાઈ પાલાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦)એ અરવિંદભાઈ પાલાભાઈ ચૌહાણ તથા મમતાબેન અરવિંદભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તથા આરોપીને અગાઉ પારિવારિક ઝઘડો થયો હતો. જેનું મનદુઃખ રાખી તેઓ તેના પરિવાર સાથે ઘરે હતા તે દરમિયાન આરોપી હાથમાં લાકડાનો ધોકો લઈને આવ્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો દીધી હતી. ઉપરાંત ધોકાનો ઘા મારીને મૂંઢ ઈજા કરી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. ડી. લાધવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લીલીયા મોટા પોસ્ટ ઓફિસમાં ‘ડાક ચોપાલ’ કાર્યક્રમ યોજાયો

લીલીયા મોટા,તા.૨૩



અમરેલી ડિવિઝનના સુપ્રિટેન્ડન્ટ આર.આર. વીરડાના નિર્દેશન હેઠળ લીલીયા મોટા પોસ્ટ ઓફિસ ખાતે ‘ડાક ચોપાલ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન પી.બી. ધંધુકિયા અને જી.એમ. ચૌહાણ દ્વારા ગ્રામજનોને પોસ્ટ ઓફિસની વિવિધ બચત યોજનાઓ તથા વીમા સેવાઓ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત, લીલીયા પોસ્ટ ઓફિસથી વ્યાજબી દરે વિદેશ પાર્સલ મોકલવાની સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરાયો હતો. શ્રાવણ માસ નિમિત્તે ઉપલબ્ધ ગંગાજળ અને રાખડીના સ્પેશિયલ કવર અંગે પણ લોકોને જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપીને ઉત્સાહપૂર્વક સારો પ્રતિસાદ આપ્યો હતો.

# વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ભવ્ય ઉજવણી

વંડા,તા.૨૩

વંડા સ્થિત પી.પી.એસ. હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અર્થે સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું સુંદર આયોજન કરાયું છે.

ઉજવણીના ભાગરૂપે શાળા પરિસરમાંથી આકર્ષક બેનરો અને વાજિંત્રો સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં વિદ્યાર્થીઓએ વદતુ સંસ્કૃતમ્ જયતુ સંસ્કૃતમના નારા લગાવ્યા હતા. શાળામાં યોજાયેલી શ્લોકગાન સ્પર્ધામાં દવે ઉમંગ પ્રથમ, ત્રિવેદી સાક્ષી દ્વિતીય અને રાઠોડ રુચિતા તૃતીય ક્રમે રહ્યા હતા, જ્યારે વકતૃત્વ સ્પર્ધામાં સરવૈયા ક્રિષ્ના પ્રથમ, મેવાડા ઉર્વશી દ્વિતીય અને બાવળિયા અસ્મા તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. આ સ્પર્ધાઓમાં પ્રવીણ સાહેબ, કૈલાસબેન અને ભરતભાઈ ગોંડલિયાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. કાર્યક્રમનું સફળ મંચ સંચાલન ખસિયા તમન્ના અને માંગરોળિયા સૃષ્ટિએ કર્યું હતું. આયોજન નીતાબેન ભટ્ટ અને ગજેરા સાહેબના માર્ગદર્શન હેઠળ થયું હતું. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મનજીબાપા તળાવિયા, મંત્રી કાંતિભાઈ પાંચાણી અને આચાર્ય સંજયભાઈ ચૌહાણે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.



## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા.૨૪-૦૮-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૫૪,
સૂર્યાસ્ત-૦૬:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૨૪-૦૮-૨૦૨૬ સોમવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન:આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે.

# જાફરાબાદમાં ફિશરમેન અને સાયબર અવેરનેશ કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ,તા.૨૩




તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન દ્વારા અમરેલી જિલ્લા પોલીસના માર્ગદર્શન હેઠળ જાફરાબાદના ઓડિટોરિયમ હોલ ખાતે ફિશરમેન અવેરનેશ તથા સાયબર અવેરનેશ કાર્યક્રમ યોજાયો હતો. તા. ૨૧ ઓગસ્ટના રોજ યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં માછીમારોને દરિયાઈ સુરક્ષા, બોટ તથા ખલાસીઓની વિગતો રાખવા, સુરક્ષા સાધનોનો ઉપયોગ કરવા અને શંકાસ્પદ હિલચાલ જણાય તો પોલીસ અથવા કોસ્ટ ગાર્ડને જાણ કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું. ફિશરમેન વોચ ગ્રુપ સાથે સંકલન અંગે પણ સમજ આપવામાં આવી હતી. સાથે જ અજાણી લિંક પર ક્લિક ન કરવા, OTP, ATM PIN અને UPI PIN જેવી માહિતી શેર ન કરવા તેમજ સાયબર છેતરપિંડી થાય તો ૧૯૩૦ હેલ્પલાઈન પર સંપર્ક કરવા જણાવાયું હતું. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધિકારીઓ સહિત આશરે ૪૦૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં ૫ મહિલા સહિત ૧૩ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં ૫ મહિલા સહિત ૧૩ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. પોલીસે કુલ મળીને ૬૩ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. ભેરાઈ ચોકડી, હડાળા ગામના પુલ પાસે, ડુંગર પોલીસ સ્ટેશન તથા અમરેલી, સાવરકુંડલામાંથી એક-એક મળી કુલ પાંચ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# બગસરામાં દારૂ પીને જાહેરમાં બકવાસ કરતો યુવક ઝડપાયો

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહિબિશનના ભંગની પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરી છે. બગસરામાં દારૂ પીને જાહેરમાં બકવાસ કરતા યુવક સહિત જિલ્લામાં વિવિધ સ્થળેથી પોલીસે ૧૫ શરાબીઓને ઝડપી પાડ્યા હતા. જિલ્લામાં ૨૨ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. જાફરાબાદમાંથી બે લોકો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં ૪ સ્થળેથી ૨૧ જુગારી ઝડપાયા, ૫ ફરાર

**બાબરકોટ ગામેથી રૂ. ૭૮,૨૬૦નો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં જન્માષ્ટમી નજીક આવવાની સાથે જુગારની મોસમ જામી રહી હોય તેમ લાગે છે. જિલ્લામાં પોલીસે ૪ સ્થળેથી ૨૧ જુગારીને ઝડપી પાડ્યા હતા, જ્યારે ૫ ઈસમો ફરાર થઈ ગયા હતા. જાફરાબાદના બાબરકોટ ગામેથી ૧૨ ઈસમો સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમતાં રોકડા રૂ. ૭૮,૨૬૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા, જ્યારે એક ફરાર થઈ ગયો હતો. બગસરામાં ખારી રોડ પુતળિયા મહાદેવના મંદિર પાસેથી બે ઈસમો જાહેરમાં જુગાર રમતાં રોકડા રૂ. ૭૩,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા, જ્યારે ચાર ઈસમો પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયા હતા. સાવરકુંડલામાંથી પાંચ ઈસમો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૫,૪૧૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. જાફરાબાદના નાગેશ્રી ગામે નેસડી પાટી વિસ્તારમાંથી બે જુગારી રૂ. ૨,૦૨૦ના મુદ્દામાલ સાથે મળી આવ્યા હતા. પોલીસે ચારેય સ્થળેથી મળી કુલ રૂ. ૧,૫૮,૭૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# સાવરકુંડલાના થોરડી ગામના પુરુષનું ઝેરી દવા પીધા બાદ સારવારમાં મોત

રાજુલા, તા.૨૩

રાજુલાના આગરીયા જકાતનાકા પાસે ઝેરી દવા પીનારા થોરડી ગામના પુરુષનું સારવારમાં મોત થયું હતું. આ અંગે હાલ નવસારી રહેતા મૂળ થોરડીના પ્રદીપભાઈ મુકેશભાઈ બગડા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, મુકેશભાઈ ભુરાભાઈ બગડા (ઉ.વ.૪૯) પોતાના ઘરે રહેતા હતા ત્યારે પાડોશી સાથે નાની-નાની વાતોમાં બોલચાલી થતી હતી.

જેથી તેઓ પરિવાર સાથે સુરત મુકામે રહેવા ગયા હતા. આ વાતનું મનમાં દુઃખ લાગી આવતાં તેઓ રાજુલા મુકામે પોતાની દીકરીના ઘરે આંટો મારવા આવ્યા હતા અને ત્યાંથી નીકળી ગયા હતા. જે બાદ આગરીયા જકાતનાકા પાસે તેમણે ઝેરી દવા પી લેતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.

રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ. એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

**રાજુલા આગરીયા જકાતનાકા પાસે દવા ગટગટાવી હતી**

## તંત્રી લેખ

# અંગદાનનો અધૂરો હિસાબ - ૯૦ હજાર આશાઓનું મૌન રુદન

અંગદાન એ માત્ર તબીબી પ્રક્રિયા નથી, તે માનવતાનું સર્વોચ્ચ સ્વરૂપ છે. એક વ્યક્તિના જીવનનો અંત બીજા અનેક વ્યક્તિઓ માટે નવી સવાર બની શકે છે, એવો આ ચમત્કાર છે. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે મૃત્યુ પછી પણ શરીર કોઈના કામમાં આવે એથી મોટું પુણ્ય બીજું કોઈ નથી. આધુનિક વિજ્ઞાને આ પુણ્યને શક્ય બનાવ્યું છે. એક બ્રેઈન ડેડ વ્યક્તિ પોતાના હૃદય, ફેફસા, લિવર, કિડની, આંખો અને ત્વચા સહિત આઠ જેટલા લોકોને નવું જીવન આપી શકે છે. જે દર્દી વર્ષોથી ડાયાલિસિસ પર જીવે છે, જેને શ્વાસ લેવા માટે પણ ઓક્સિજનની જરૂર પડે છે, જેનું હૃદય દરેક ધબકારા સાથે જવાબ આપી રહ્યું છે, તેના માટે અંગદાન એ દવા નથી પણ સંપૂર્ણ નવો જન્મ છે. ભારત જેવા દેશમાં જ્યાં પરિવાર અને સમાજનું મૂલ્ય સર્વોપરી છે, ત્યાં અંગદાનનો વિચાર વસુદેવ કુટુંબકમની ભાવનાને વધુ મજબૂત કરે છે. છતાં આટલા મહત્વના વિષય પર આપણે આજે પણ જાગૃતિના પ્રાથમિક તબક્કામાં છીએ. એક તરફ આપણે ચંદ્ર સુધી પહોંચી ગયા છીએ, બીજી તરફ કોઈને જીવનદાન આપવાના મામલે ખચકાટ અનુભવીએ છીએ.તાજેતરમાં પ્રકાશિત થયેલા એક અહેવાલે આ સમગ્ર વ્યવસ્થાની ગંભીર ખામીને ઉજાગર કરી છે. દેશમાં આશરે ૯૦ હજાર દર્દીઓ અંગ પ્રત્યારોપણની રાહ જોઈ રહ્યા છે, પરંતુ આ આંકડો પણ સંપૂર્ણ સાચો નથી. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આપણી પાસે રાષ્ટ્રીય સ્તરે અંગ પ્રત્યારોપણ અને રાહ જોઈ રહેલા દર્દીઓનો પૂરો ડેટા જ ઉપલબ્ધ નથી. વર્ષ ૨૦૨૫માં દેશભરમાં ૨૦,૦૧૯ અંગ પ્રત્યારોપણ નોંધાયા હતા, જ્યારે ૮૯,૮૩૯ દર્દીઓ વેઈટિંગમાં હતા. આ આંકડા દેખાવમાં મોટા લાગે છે, પણ વાસ્તવિકતા એનાથી ઘણી વધારે ભયાવહ હોઈ શકે છે. આખી સિસ્ટમ દેખરેખ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાજ્ય સ્તરના ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા થાય છે, પરંતુ ઘણી અધિકૃત હોસ્પિટલો જ રાજ્યની દેખરેખ એજન્સીઓને આંકડા આપી રહી નથી, જેના કારણે રાષ્ટ્રીય રજિસ્ટ્રી અધુરી રહી જાય છે. બિહારમાં ૧૫ અધિકૃત હોસ્પિટલોએ વારંવારની માગ છતાં ૨૦૨૫નો ડેટા નથી આપ્યો. ઝારખંડમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની પાંચ અધિકૃત હોસ્પિટલોમાંથી માત્ર બે જ નિયમિત માહિતી આપી રહી છે. આંધ્રપ્રદેશ જેવું રાજ્ય સેન્ટ્રલ રજિસ્ટ્રી સોફ્ટવેરની જગ્યાએ પોતાનું 'જીવનદાન' સોફ્ટવેર વાપરી રહ્યું છે. આ પરિસ્થિતિ એટલી ગંભીર છે કે મોનિટરિંગ સિસ્ટમ માટે ૨૦૨૧-૨૬ માટે રૂપિયા ૪૯.૭૭ કરોડનું બજેટ નક્કી કરાયું હોવા છતાં ડેટા નથી મળી રહ્યો, આ મુદ્દે સંસદમાં પણ સવાલો ઉઠી ચૂક્યા છે. જો સરકાર પોતાની સિસ્ટમને કડક બનાવે, ખાનગી હોસ્પિટલો પારદર્શિતા અપનાવે અને સમાજ જાગૃત થાય, તો આ ૯૦ હજારની રાહ જોવાની યાદીને આપણે શૂન્ય સુધી લાવી શકીએ છીએ. આ માટે ડેટા એ પહેલું પગથિયું છે. કારણ કે જેની ગણતરી જ નથી, તેની મદદ કેવી રીતે થઈ શકે. આ જીવનદાનના કાર્યને દરેક વ્યક્તિએ સમજવું જોઈએ અને લોકોને આ માટે જાગૃત કરવા જોઈએ તે જરૂરી છે.

# શ્રાવણ માસમાં શિવ પ્રત્યેની શ્રધ્ધા સફળતાના શિખરે પહોંચાડી શકે છે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

જીવનમાં દરેક વ્યક્તિના મનમાં કોઈ ને કોઈ સપનું ચોક્કસ હોય છે. કોઈ વ્યક્તિ પોતાના માટે નવું ઘર બનાવવા માંગે છે, તો કોઈ શિક્ષણ ક્ષેત્રે ઊંચી સિધ્ધિ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. કોઈને પોતાનો નવો વ્યવસાય શરૂ કરવાની ઈચ્છા હોય છે, તો કોઈ સમાજસેવા માટે પોતાનું યોગદાન આપવા માંગે છે. સપનું નાનું હોય કે મોટું, તે વ્યક્તિને જીવન જીવવાની એક સાચી દિશા આપે છે. પરંતુ મોટાભાગના લોકો સપનું જોવામાં જ સંકોચ અનુભવે છે. તેમને એવું લાગે છે કે તેમની નબળી આર્થિક સ્થિતિ, મોટી ઉંમર કે સમયનો અભાવ તેમના સપનાને પૂરા થવા દેશે નહીં. આવી નકારાત્મક શંકા જ સપનાની સૌથી મોટી દુશ્મન સાબિત થાય છે.

આપણે હંમેશા ઊંચા સપના જોવા જોઈએ અને તે પૂરા થશે જ એવો દ્રઢ વિશ્વાસ મનમાં રાખવો જોઈએ. પરંતુ આ વિશ્વાસ માત્ર કલ્પનાઓ કે ચમત્કારની રાહ જોવાનો નથી. સાચો વિશ્વાસ માણસને આળસ છોડીને કર્મના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. સપનું જોવું એ પ્રથમ પગલું છે, તેને પૂરું કરવાનો દ્રઢ સંકલ્પ એ બીજું પગલું છે અને તેના માટે સતત હાર્ડવર્ક કરવું એ ત્રીજું પગલું છે. આ ત્રણેય બાબતો ભેગી થાય ત્યારે જ સપનું વાસ્તવિકતામાં રૂપાંતરિત થાય છે.

શ્રધ્ધાનો અર્થ માત્ર આંખ બંધ કરીને પ્રાર્થના કરવાનો નથી. સાચી શ્રધ્ધા એટલે પોતાના સત્કાર્યમાં વિશ્વાસ રાખવો અને તેના માટે સતત પ્રયત્નશીલ રહેવું. શ્રાવણ માસમાં ભગવાન શિવની ઉપાસના આપણને મનની સ્થિરતા અને ધીરજનો સંદેશ આપે છે. શિવનું ધ્યાનસ્થ સ્વરૂપ દર્શાવે છે કે બહાર ભલે ગમે તેટલું તોફાન હોય, જો અંદરનું સંતુલન જળવાયેલું રહે તો માણસ સાચા નિર્ણયો લઈ શકે છે.

સપના સાકાર કરવાની આ યાત્રા ક્યારેય સીધી અને સરળ હોતી નથી. રસ્તામાં નિષ્ફળતા આવશે, લોકોની ટીકાઓ થશે અને ઘણી વાર પોતાની જાત પર જ અવિશ્વાસ ઊભો થશે. પરંતુ નિષ્ફળતાને ક્યારેય અંત ન માનવો જોઈએ. નિષ્ફળતા આપણને આપણી ભૂલો બતાવે છે અને અનુભવ આપીને વધુ મજબૂત બનાવે છે. એક બંધ દરવાજો ઘણી વાર પ્રગતિનો બીજો નવો રસ્તો બતાવે છે.

સંકલ્પની શક્તિ આપણને મનને શિસ્તબધ્ધ કરવાની રીત શીખવે છે. જ્યારે માણસ પોતાની ઈચ્છાઓ પર નિયંત્રણ રાખતા શીખે છે, ત્યારે તે પોતાના સમય અને શક્તિનો સાચો ઉપયોગ કરી શકે છે. સફળતા માટે નિયમિતતા ખૂબ જ જરૂરી છે. આપણે ઘણીવાર સફળ વ્યક્તિ પરિણામ જોઈએ છીએ, પણ તેની પાછળનો સંઘર્ષ જોતા નથી. રોજનું થોડું વાંચન, રોજનું નવું શીખવું અને રોજ પોતાના લક્ષ્ય તરફ ભરેલું એક નાનું પગલું ભવિષ્યમાં મોટું પરિણામ આપે છે.

પ્રસિધ્ધ પુસ્તક 'ધ સિક્રેટ'માં પણ સકારાત્મક વિચારો અને માનસિક વલણ પર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ માત્ર વિચારવાથી પરિણામ મળતું નથી. સકારાત્મક વિચારને જ્યારે સખત મહેનત અને વ્યવહારુ આયોજન સાથે જોડવામાં આવે ત્યારે જ સાચો લાભ મળે છે. આજના સોશિયલ મીડિયાના યુગમાં લોકોની એકાગ્રતા ઘટી રહી છે. આવા સમયે થોડું અટકીને પોતાના અંતરાત્મા સાથે વાત કરવી જરૂરી છે.

સપનાની સાચી કસોટી ત્યારે થાય છે જ્યારે શરૂઆતનો ઉત્સાહ ઓછો થઈ જાય. ત્યારે શ્રધ્ધા અને શિસ્ત બંને કામ લાગે છે. શ્રધ્ધા કહે છે કે પ્રયત્ન વ્યર્થ નહીં જાય અને શિસ્ત કહે છે કે આજે પણ કામ કરવાનું છે. શિવલિંગ પર અર્પણ થતું એક-એક ટીપું જળ જેમ વિશાળ ધારા બને છે, તેમ આપણી રોજની નાની મહેનત સમય જતાં મોટી સિધ્ધિમાં ફેરવાય છે. જીવનમાં ચમત્કારની રાહ જોયા વગર પોતાના અંદરના પ્રકાશને ઓળખવો જોઈએ. સપનું આપણું છે તો તેને પૂરું કરવાની જવાબદારી પણ આપણી જ છે.

**શ્રાવણ આવે એટલે પ્રકૃતિ જાણે ધીમા પગલે હરિયાળી ઓઢીને ધરતીને નવી આશા આપે છે. મંદિરોમાં ઘંટારવ સંભળાય છે, શિવાલયોમાં બિલ્વપત્ર ચઢે છે અને મનુષ્યના અંતરમાં ભક્તિનો દીવો પ્રગટે છે. પરંતુ શ્રાવણનું સાચું સૌંદર્ય માત્ર ધાર્મિક વિધિમાં નથી; તે મનને એકાગ્ર કરવાની, જીવનને નવી દિશા આપવાની અને પોતાના સપનાઓને ફરી એક વાર આંખ સામે આકાર કરવાની તક પણ છે.**

# પ્રધાનમંત્રી રોજગાર સર્જન યોજનાએ ભાવનગરના યુવાનની જિંદગીમાં સફળતા અપાવી








સફળતા માટે હંમેશા મોટી મૂડીની જરૂર નથી હોતી. જો વ્યક્તિ પાસે જ્ઞાન, મહેનત, હિંમત અને કંઈક કરી બતાવવાની ધગશ હોય તો નાની શરૂઆત પણ એક દિવસ મોટી સફળતામાં પરિવર્તિત થઈ શકે છે. ભાવનગરના ૩૫ વર્ષીય યુવાન સવાણી સંજયભાઈ મનજીભાઈની સફળતાની કહાની આ વાતને સાબિત કરે છે.

બી.ઈ. મિકેનિકલ એન્જિનિયરિંગ સુધીનો અભ્યાસ કરેલા સંજયભાઈ સામાન્ય અને મર્યાદિત આર્થિક પરિસ્થિતિ ધરાવતા પરિવારમાંથી આવે છે. તેમના પિતા રેલવેમાં નોકરી કરતા હતા, જ્યારે તેમના મોટા ભાઈ ભાવનગરમાં હીરાના વ્યવસાય સાથે જોડાયેલા હતા. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સંજયભાઈને પોતાની ટેકનિકલ કુશળતાના આધારે વ્યવસાય શરૂ કરવાની ઈચ્છા હતી, પરંતુ સૌથી મોટો પડકાર હતા મૂડી ક્યાંથી લાવવી?

મશીનરી ખરીદવા માટે પૂરતા પૈસા ન હોવાથી શરૂઆત કરવી મુશ્કેલ હતી. પરંતુ સંજયભાઈએ મુશ્કેલી સામે હાર માની નહીં. વર્ષ ૨૦૧૫માં આશરે રૂ.૯૪,૦૦૦ની વ્યવસ્થા કરીને તેમણે લેથ મશીન, કટર મશીન અને વેલ્ડિંગ મશીન જેવી જૂની મશીનરી ખરીદી. તેમાં આશરે રૂ.૫૦,૦૦૦ ઉછીના લીધી અને બાકીની રકમ પરિવારની મદદથી ગોઠવી. ત્યારબાદ ભાવનગરમાં એક નાનકડો શેડ ભાડે રાખીને તેમણે પોતાના ઉદ્યોગની શરૂઆત કરી.

પ્રારંભિક તબક્કામાં સંજયભાઈએ રોપ મેકિંગ મશીન અને એક્સપાન્ડિંગ મશીન બનાવવાનું કામ શરૂ કર્યું. નાની જગ્યા, મર્યાદિત સાધનો અને ઓછી મૂડી છતાં તેમણે ગુણવત્તા અને નવીનતાને પ્રાથમિકતા આપી. સતત મહેનત, ટેકનિકલ જ્ઞાન અને ગ્રાહકોની જરૂરિયાતને સમજવાની તેમની ક્ષમતાએ ધીમે ધીમે વ્યવસાયને વિસ્તરણ આપ્યું.

આજે સંજયભાઈ ટર્નકી પ્રોજેક્ટ્સ માટેની મશીનરીનું ઉત્પાદન અને સપ્લાય કરી રહ્યા છે. ભાવનગરના નાનકડા શેડથી શરૂ થયેલી તેમની સફર આજે દેશની સીમાઓ પાર કરીને વિશ્વના ૫૦થી વધુ દેશો સુધી પહોંચી છે. યુએઈ, આફ્રિકા, યુરોપ અને એશિયાના વિવિધ દેશોમાં તેમની મશીનરી સપ્લાય થઈ રહી છે. યુરોપમાં પણ પોતાની ઓફિસ શરૂ કરીને યુરોપિયન દેશો સાથે વ્યવસાયને વધુ વિસ્તૃત કરવાની દિશામાં તેઓ આગળ વધી રહ્યા છે.

આ સફળતાની પાછળ સંજયભાઈ પોતાની ધગશ, મહેનત, ટેકનિકલ કુશળતા અને જોખમ લેવાની હિંમતને મુખ્ય કારણ ગણાવે છે. પરંતુ તેઓ એ પણ માને છે કે આજના સમયમાં કેન્દ્ર સરકાર દ્વારા યુવાનોને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રોત્સાહિત કરવા માટે ઊભું કરવામાં આવેલું વાતાવરણ પણ મહત્વપૂર્ણ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા યુવાનોને નોકરી શોધનાર નહીં પરંતુ નોકરી આપનાર બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP) જેવી યોજનાઓનો હેતુ નવા માઈક્રો ઉદ્યોગો સ્થાપીને સ્વરોજગાર અને રોજગારની તકો ઊભી કરવાનો છે. આ યોજના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં નવા સ્વરોજગાર સાહસો અને માઈક્રો એન્ટરપિનયોર ને ઉદ્યોગ સ્થાપવા માટે સ્થાપવામાં મદદ કરે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'આત્મનિર્ભર ભારત'ની વિચારધારા સાથે જોડાયેલી ઉદ્યોગસાહસિકતાની દિશામાં સંજયભાઈ જેવા યુવાનોનું ઉદાહરણ મહત્વપૂર્ણ બને છે. એક સમયે પોતાના વ્યવસાય માટે મશીન ખરીદવા પણ મુશ્કેલી અનુભવતો યુવાન આજે પોતાની બનાવેલી મશીનરી વિશ્વના વિવિધ દેશોમાં પહોંચાડી રહ્યો છે.

સંજયભાઈનું માનવું છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા યુવાનો માટે સ્વરોજગાર, કૌશલ્ય વિકાસ, નાણાકીય સહાય અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપતી વિવિધ પહેલોથી દેશના યુવાનોમાં પોતાનો વ્યવસાય શરૂ કરવાની હિંમત વધી છે. PMEGP પણ ક્રેડિટ-લિન્કપ સબસિડી કાર્યક્રમ તરીકે નવા માઈક્રો ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે.

સંજયભાઈની કહાની માત્ર એક ઉદ્યોગપતિની સફળતાની કહાની નથી, તે ગુજરાતના હજારો યુવાનો માટે પ્રેરણાનો સંદેશ છે. સંસાધનો ઓછા હોય તો પણ શરૂઆત કરી શકાય છે, નાની મૂડીથી પણ મોટું સ્વપ્ન સાકાર કરી શકાય છે અને સ્થાનિક સ્તરે શરૂ કરેલો વ્યવસાય વૈશ્વિક બજાર સુધી લઈ જઈ શકાય છે.

રૂ.૯૪,૦૦૦ની આસપાસની નાની મૂડીથી શરૂ થયેલી આ સફર આજે ૫૦થી વધુ દેશોમાં પહોંચી છે. સંજયભાઈ સવાણીની સફળતા એ સંદેશ આપે છે કે મહેનત, ટેકનિકલ જ્ઞાન, નવીનતા, યોગ્ય માર્ગદર્શન અને તકનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો સામાન્ય પરિવારનો યુવાન પણ વિશ્વસ્તરીય ઉદ્યોગસાહસિક બની શકે છે.

આ કહાનીનો સૌથી મોટો સંદેશ એક જ છે,શરૂઆત નાની હોય તે મહત્વનું નથી, દિશા સાચી અને મોટી હોવી જોઈએ.સંજયભાઈનો સંપર્ક નં.૯૫૭૪૭ ૩૭૬૭૩ છે.

# પરિસ્થિતિ નહીં, દૃષ્ટિકોણ બદલો






જીવનના બે રસ્તા છેઃ એક, પરિસ્થિતિ પ્રમાણે ચાલો અને ખુશ રહો..! બીજો, પરિસ્થિતિને બદલવાની જવાબદારી લો અને ફરિયાદ ન કરો..!

જીવનમાં દરેક વ્યક્તિને પોતાની અનુકૂળ પરિસ્થિતિ જોઈએ છે. બધું મનગમતું બને, લોકો પોતાની અપેક્ષા પ્રમાણે વર્તે, સંજોગો પોતાની તરફેણમાં રહે અને રસ્તામાં કોઈ અડચણ ન આવે, આવી ઈચ્છા સ્વાભાવિક છે. પરંતુ જીવન ક્યારેય આપણી ઈચ્છા પ્રમાણે ચાલતું નથી. ક્યારેક સમય સારો હોય છે તો ક્યારેક મુશ્કેલીઓનો પહાડ સામે ઊભો થઈ જાય છે. પ્રશ્ન એ નથી કે પરિસ્થિતિ કેવી છે; પ્રશ્ન એ છે કે આપણે પરિસ્થિતિ સામે કેવી રીતે ઊભા રહીએ છીએ?

જ્યારે પરિસ્થિતિ અનુકૂળ હોય ત્યારે ખુશ રહેવું બહુ સરળ છે. પરંતુ સાચી કસોટી ત્યારે થાય છે જ્યારે સંજોગો વિરુધ્ધ હોય. મુશ્કેલી આવે ત્યારે કેટલાક લોકો ફરિયાદ કરવા લાગે છે કે "મારી સાથે જ આવું કેમ?", "મારા નસીબમાં જ આવું કેમ?", "લોકો મને સમજતા કેમ નથી?" આવી ફરિયાદો થોડા સમય માટે મનને હળવું કરી શકે, પરંતુ પરિસ્થિતિ બદલતી નથી.

બીજી તરફ, કેટલાક લોકો મુશ્કેલીને પડકાર તરીકે સ્વીકારે છે. તેઓ કહે છે કે "હા, પરિસ્થિતિ અઘરી છે, પરંતુ હું શું કરી શકું?" આ એક નાનો પ્રશ્ન છે, પરંતુ જીવનની દિશા બદલી શકે છે. પરિસ્થિતિને બદલવાની જવાબદારી લેવાનો અર્થ એવો નથી કે આપણે દુનિયાની દરેક વસ્તુ પોતાના હાથમાં લઈ શકીએ. દરેક ઘટના આપણા નિયંત્રણમાં નથી. પરંતુ આપણી પ્રતિક્રિયા, વિચારસરણી, મહેનત, નિર્ણય અને દૃષ્ટિકોણ તો આપણા હાથમાં છે. વરસાદ પડે એ આપણા હાથમાં નથી, પરંતુ વરસાદમાં છત્રી લઈને નીકળવું કે ઘરમાં બેસીને વરસાદને દોષ આપવો એ આપણા હાથમાં છે. રસ્તામાં પથ્થર પડ્યો છે એ કદાચ આપણા હાથમાં નથી, પરંતુ તેને જોઈને રસ્તો બદલવો કે પથ્થર હટાવવાનો પ્રયત્ન કરવો એ આપણા હાથમાં છે.

જીવનમાં સફળ વ્યક્તિ અને નિષ્ફળતા સામે હારી ગયેલી વ્યક્તિ વચ્ચે ઘણી વખત તફાવત પરિસ્થિતિનો નથી હોતો; તફાવત પરિસ્થિતિ પ્રત્યેના અભિગમનો હોય છે.કેટલાક લોકો પરિસ્થિતિને પોતાનું ભાગ્ય માનીને બેસી જાય છે. જ્યારે કેટલાક લોકો પરિસ્થિતિને સ્વીકારે છે, તેનું મૂલ્યાંકન કરે છે અને પછી પોતાની શક્તિ પ્રમાણે તેને બદલવાનો પ્રયાસ કરે છે. પરંતુ અહીં એક ખૂબ જ મહત્વની વાત છે કે પરિસ્થિતિને બદલવાની જવાબદારી લેવી એટલે ફરિયાદ બંધ કરવી. ફરિયાદ કરવાથી સમસ્યા મોટી દેખાય છે, જ્યારે જવાબદારી સ્વીકારવાથી ઉકેલ દેખાવા લાગે છે. ફરિયાદ કરનાર વ્યક્તિ પૂછે છે કે આવું કેમ થયું? જ્યારે જવાબદારી લેનાર વ્યક્તિ પૂછે છે કે "હવે આગળ શું કરી શકાય?આ બે પ્રશ્નો વચ્ચે જ જીવનની આખી દિશા છુપાયેલી છે.

ઘણી વખત આપણે એવી બાબતોને બદલવામાં ઊર્જા ખર્ચીએ છીએ જે આપણા હાથમાં જ નથી. બીજાના વિચારો, બીજાનું વર્તન, ભૂતકાળની ઘટનાઓ, લોકો શું કહેશે;આ બધું આપણે નિયંત્રિત કરી શકતા નથી. પરંતુ આપણે કેવી રીતે વિચારવું, કોને કેટલું મહત્વ આપવું, શું શીખવું અને આગળ કેવી રીતે વધવું; આ બધું આપણા હાથમાં છે. એટલે જીવનમાં એક સુંદર સૂત્ર યાદ રાખવા જેવું છે:

"જે બદલી શકાય એમ હોય તેને બદલવાનો પ્રયત્ન કરો, જે સ્વીકારવું પડે એમ હોય તેને સ્વીકારી લો અને જે બદલાઈ ન શકે તેની ફરિયાદ કરવાનું છોડી દો."

ક્યારેક પરિસ્થિતિ બદલાતી નથી, પરંતુ આપણું મન બદલાઈ જાય છે અને એ જ પૂરતું હોય છે. જે સમસ્યા ગઈકાલે પહાડ જેવી લાગતી હતી, તે આજે અનુભવ અને સમજણના કારણે નાની લાગવા લાગે છે.

સુખ હંમેશાં અનુકૂળ પરિસ્થિતિમાં નથી હોતું. ઘણી વખત સુખ એ સ્વીકારવામાં હોય છે કે "બધું મારી ઈચ્છા પ્રમાણે નહીં બને, છતાં હું શાંતિથી જીવી શકું છું." અને જ્યાં બદલવાની જરૂર હોય ત્યાં હિંમતથી કહેવું જોઈએ કે "હું ફરિયાદ નહીં કરું, હું પ્રયત્ન કરીશ."

જીવન આપણને દરરોજ બે વિકલ્પ આપે છે; પરિસ્થિતિ સામે ફરિયાદ કરવી કે પરિસ્થિતિમાંથી માર્ગ શોધવો. નસીબને દોષ આપવો કે પોતાની મહેનત વધારવી.બીજાની ભૂલો ગણાવવી કે પોતાની જવાબદારી સ્વીકારવી.હાર માની લેવી કે ફરીથી શરૂઆત કરવી. આપણે કયો રસ્તો પસંદ કરીએ છીએ એ જ આપણું જીવન નક્કી કરે છે.

અંતે વાત એટલી જ છે કે જીવન હંમેશાં આપણી ઈચ્છા પ્રમાણે નહીં ચાલે, પરંતુ જીવનને કેવી રીતે જીવવું એ નિર્ણય આપણો હોઈ શકે છે. પરિસ્થિતિ અનુકૂળ હોય ત્યારે ખુશ રહેવું સહેલું છે; પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ખુશ રહેવાનો રસ્તો શોધવો એ જ સાચી જીવનકલા છે.તેથી પરિસ્થિતિ સામે ફરિયાદ કરવાને બદલે પોતાને એક પ્રશ્ન પૂછીએ કે "આ પરિસ્થિતિએ મને શું શીખવ્યું છે અને હવે હું શું બદલી શકું?"કદાચ આ એક પ્રશ્ન જ આપણા જીવનને ફરિયાદમાંથી પ્રયત્ન તરફ, નિરાશામાંથી આશા તરફ અને પરિસ્થિતિના ગુલામમાંથી પરિસ્થિતિના સર્જક તરફ લઈ જઈ શકે. કારણ કે પરિસ્થિતિ આપણું જીવન નક્કી કરતી નથી,પરિસ્થિતિ સામેનો આપણો અભિગમ આપણું જીવન નક્કી કરે છે.

**જે બદલી શકાય એમ હોય તેને બદલવાનો પ્રયત્ન કરો, જે સ્વીકારવું પડે એમ હોય તેને સ્વીકારી લો અને જે બદલાઈ ન શકે તેની ફરિયાદ કરવાનું છોડી દો."**

**:: તિખારો ::**

**સારા વિચારો, સારા કર્મો અને સારા સંબંધો આ ત્રણેય જીવનની સૌથી મોટી સંપત્તિ છે.અને એક વખત તક મળે ત્યારે બીજા માટે દિવાદાંડી બનજો, ત્રણેયનો જોવાનો સમય પણ નક્કી છે માટે જીંદગીમાં તમારા ઉપર વિશ્વાસ કોઇ મુકી શકે એવુ જીવવુ જોઇએ.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતિ કાર્યો

મગફળી: મોડા લાગતા પાનનાં ટપકા: મગફળીમાં આ ટપકાંઓથી વધારે નુકશાન થાય છે. આ ટપકાં પાકના ૪૦ દિવસ પછીની અવસ્થાએ જોવા મળે છે. આવા ટપકાંઓ નિયમિત ગોળ વર્તુળાકારે તેમજ પાનની નીચેની સપાટીએ ઘેરા કથ્થાઈ કાળા રંગના હોય છે, જે શરૂઆતમાં ૧.૦ મી.મી. વ્યાસથી વધીને ૫.૦ મી.મી. ના બને છે. ટપકાની નીચેની સપાટીએ રોગકારકના બીજાણુઓ જોવા મળે છે. આવા ટપકા ફેઈઓઈસેરીઓપસીસ પરસોનાટા નામની ફુગથી થાય છે. રોગ ઉગ્ર સ્વરૂપમાં આવે ત્યારે બંને પ્રકારના ટપકાંથી થતા ચાઠા પર્ણ, ઉપપર્ણ, પ્રકાંડ અને સૂયા પર પણ લાગે છે. ટપકાઓના રોગથી પાન સુકાવા લાગે છે અને ખરી પડે છે. રોગ પાન ઉપર લાગતા હોવાથી પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં ખલેલ પહોચાડે છે અને તેથી સીંગના ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

● તેના નિયંત્રણ માટે રોગ ઓછો લાગે તે માટે ખેતરમાંથી આગલા વરસે મગફળી ઉપાડી લીધા પછી રોગિષ્ઠ છોડના અવશેષો વીણી, બાળીને નાશ કરવો.

● બાજરો કે જુવાર જેવા પાકો આંતર પાક તરીકે લેવા.

● મગફળીના પાકમાં જુદા જુદા સમયે કઈ ફૂગનાશક વાપરવી તે જોઈએ તો ૩૫ થી ૪૦ દિવસે ૦.૦૦૫ ટકા હેક્ઝાકોનાઝોલ ૨૫ એમ એલ પંપ નાખી છંટકાવ કરવો. ત્યાર પછી ૫૦ થી ૫૫ દિવસનો પાક થાય ત્યારે ટેબ્યુકોનાઝોલ ૧૦% + સલ્ફર ડબલ્યુજી ૩૦ ગ્રામ પંપ નાખી છંટકાવ કરવો.ખાસ દયાન રહે કે આ સમયે તાપમાન ૩૦°Cવધુ ન હોવું જોઈએ. ૩૦ કરતાં વધારે તાપમાન થાય તો આ દવા નો ઉપયોગ કરવો જોઈએ નહીં. ત્રીજી જે દવા છે એ ૬૫ થી ૭૦ દિવસનો પાક થાય ત્યારે ફ્લુક્ઝાપાયરોક્ઝેડ + પાયરાકલોસ્ટ્ટ્રોલીન ૧૦ થી ૧૨ એમ એલ પંપ નાખી છંટકાવ કરવો જોઈએ અથવા એઝોસ્ટટ્રોલીન ૧૮.૨ % + ડાયકેનાકોનાઝોલ ૧૧.૪% ૧૫ થી ૨૦ એમ એલ પંપ નાખી છંટકાવ કરવો.

● મોલો અને તડતડીયાં ઉપદ્રવ વખતે શોષક પ્રકારની કીટનાશક દવાઓ (ડાયમીથોએટ/મિથાઈલ-ઓ-ડીમેટોન/ફોસ્ફામિડોન /ઈમિડાક્લોપ્રીડ/થાયામેથોક્ષામ) નો છંટકાવ કરવો.

● મગફળીમાં મુંડાના નિયંત્રણ માટે શેઢાપાડા તેમજ ઝાડ ઉપર કાર્બારીલ ૧૦ ml ૧૦ લીટર પાણીમાં નાખી સાંજે છંટકાવ કરવો. સાંજના સમયે ઝાડને હલાવવું અને ઝાડને નીચે પડેલા ઢાળિયા કીટકને કેરોચનમાં નાખી નાશ કરવો. આ ઉપરાંત પ્રકાશ પિંજર નો ઉપયોગ પણ કરવો ખાસ જરૂરી છે. પાકમાં ક્લોરપાયરીફોસ ૨૫ ml પમ્પમાં નાખી નીઝલ કાઢી ડેન્સિંગ લાઈનમાં કરવું.. પિયત સગવડ હોય તો ૪ લીઅર ક્લોરપાયરીફોસ હેકટરે પિયત સાથે આપવું.

**કપાસ** : મોલો – મશી, થ્રીપ્સ, **સફેદમાખી અને તડતડીયા :**

● લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા બીવેરીયા બેસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

● ફલોનિકામાઈડ ૫૦ ડબ્લ્યુજી ૩ ગ્રામ અથવા ડાયફેન્થ્યુરોન ૫૦ ડબ્લ્યુપી ૧૦ ગ્રામ અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લી. અથવા ડીનેટોફયુરાન ૨૦ એસજી ૧૦ ગ્રામ અથવા પ્રોફેનોફોસ ૫૦ ઈસી ૧૦ મિ.લી. અથવા ફીપ્રોનિલ ૫ એસસી ૨૦ મિ.લી. અથવા એસીફેટ ૫૦% + ઈમીડાકલોપ્રીડ ૧.૮% એસપી ૧૦ મિ.લી. અથવા એસીફેટ ૨૫+ ફેનવાલરેટ ૩% ઈસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

સલ્ફર(ગંધક) ઉણપના કારણે

● છોડના બધા પાન આછા લીલા રંગના જોવા મળે

● છોડના ઉપરના કુમળા પાન પીળા રંગના જોવા મળે તથા પાનની શીરાઓ પણ પીળી દેખાય

● છોડ બટકો રહે અને થડ પાતળુ જોવા મળે

● નાઈટ્રોજન અને ફોસ્ફરસ તત્વોની પૂર્તિ ગંધક ધરાવતા રાસાયણિક ખાતરો જેવાકે એમોનીયમ સલ્ફેટ કે સીંગલ સુપર ફોસ્ફેટ વડે કરવી.

● જમીન ચકાસણી આધારે હેકટરે ૨૦-૪૦ કિ.ગ્રા./ગંધક આપવું.

● જમીનમાં સેન્દ્રીય ખાતર આપવું.

**ડાંગર:**

● ડાંગર પાકમાં ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે ફેરરોપણી પછી ૩૦-૩૫ દિવસે અથવા કાર્બોફ્યુરાન ૩ જી (૮ થી ૧૦ કિ.ગ્રા.) અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૦.૪ જી ૫ કિ.ગ્રા બે વખત આપવાથી ઉપદ્રવ કાબુમાં રહે છે. અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લી. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૨.૫-૩.૦૦ મિલી અથવા લેમડા સાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મિ.લી. પૈકી ગમે તે એક કિટનાશક ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

**બાજરી:**

● બાજરીમાં ડુંડા અવસ્થાએ ફુલ બેસવાના સમયે થાયરમ ૨૦ મિ.લી. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**જુવાર:**

● કાલવ્રણ / પાનના ટપકા માટે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરી ૧૫ દિવસના પાણીમાં ઉમેરી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.


● મોલો-મશીનો ઉપદ્રવ જણાય તોલીમડાની લીબોળીની મીંજ ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા વર્ટીસિલિયમ લેકાની નામની ફૂગનો પાઉડર ૬૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી સાંજના છંટકાવ કરવો.



**શેરડી : રાતડો**

● ટ્રાયકોર્ડમાં વિરીડી અથવા ટ્રાયકોડર્મા હરજીયાનમ પ્રેસમડમાં સવર્ધન કરી રોપણી સમયે ૮ ટન પ્રતિ હેકટરે ચાસમાં આપવું.

● વધુ પડતું પિયત અથવા પાણીની ખેંચ થવા દેવી નહિ.



**મગ અને ચોળા :**

● મગમાં પીળો પંચરંગીયોના નિયંત્રણ માટે રોગ ફેલાવનાર મોલોમસીના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવા છાંટવી.

કાલવર્ણ રોગ અડદ અને મગ માં જોવા મળે છે. તેના નિયંત્રણ માટે શરૂઆતમાં કાર્બેન્ડીઝમ ૧૦ મિલી હેક્ઝાકોનાઝોલ ૧૦ મિલી, મેન્કોઝેબ ૨૫ મિલી માંથી કોઈ એક દવા નો છંટકાવ પછી બીજો ૧૫ દિવસે કરવો

તુવેર:

● તુવેરમાં ચૂસીને નુકસાન કરતી જીવાતોનું નિયંત્રણ કરવાશોષક પ્રકારની દવા,જેવી કે ફલોનીકામાઈડ ૩ ગ્રામ અથવા થાયામીથોકઝામ ૪ ગ્રામ અથવા ઈમિડાકલોપ્રીડ ૪ મિ ડાયમીથોએટ ૧૦ મિ લિટર પાણીમાં ૧૦ છંટકાવ કરવો

● પાન કથીરી માટે શોષક પ્રકારની દવાઓ અથવા કથીરીનાશક દવા જેવી કે ફેનાઝાકિવન પ્રોપરગાઈટ અથવા ઉમેરી છંટકાવ કરવો.

**વેલાવાળા શાકભાજી** : લાલ અને કાળા મરીયા, ફળમાખી

**લાલ અને કાળા મરીયા :**

● એમામેકિટન બેન્ઝોએટ ૫ એસજી ૨ ગ્રામ અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિલી અથવા ફેનવાલેરેટ ૨૦ ઈસી ૫ મિલી ૧૦ લીટર પાણીમાં ભેળવી ફળની વીણી કર્યા બાદ છંટકાવ કરવો.

રીંગણ : ડુંખ અને ફળ કોરી ખાનારી ઈયળ માટેકલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લી. અથવા એમાંમેક્ટીન બેન્ઝોએટ ૫ વેપા ૫ ગ્રામ અથવા થાયોડીકાર્બ ૫૦ વેપા ૧૦ ગ્રામ અથવા કલોરાનટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લી. અથવા સાયપરમેથ્રીન ૧૦ ઈસી ૧૦ મિ.લી. અથવા ડેલ્ટામેંથ્રીન ૨.૮ ઈસી ૧૦ મિ.લી. અથવા લેમડાસાયહેલોથ્રીન ૫ ઈસી ૧૦મી.લી. અથવા ડેલ્ટામેંથ્રીન ૧% + ટ્રાયઝોફોસ ૩૫% ૧૦ મિ.લી. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**મરચી :**

● થ્રીપ્સ માટે ફેરરોપણી બાદ ૧૫ દિવસે ખેતરમાં છોડની ફરતે કાર્બોફયુરાન ૩ જી ૮-૧૦ કિ.ગ્રા. / હે. પ્રમાણે આપવી. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક)નો છંટકાવ કરવો.

**નાળીયેરી:** નાના ફળ ખરી પડવાના કારણોમાં ઝાડને સારૂ પોષણ મહત્વની બાબત હોવાથી ભલામણ પ્રમાણે ઝાડદીઠ ૧ કિલો એમોનિયમ સલ્ફેટ,૧ કિલો સુપર ફોસ્ફેટ તથા ૧.૨૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ જુન-જુલાઈમાં અને તેટલોજ બીજો હપ્તો સપ્ટેમ્બર-ઓકટોબર મા આપવો.

# કપાસની ગુલાબી ઈયળની ઓળખ અને નુકસાન





કપાસ એ સૌરાષ્ટ્ર વિસ્તારનો મહત્વનો રોકડીયો પાક છે. ખેડૂતો કપાસના પાકને "સફેદ સોનું" પણ કહે છે. દેશના અર્થકરણમાં કપાસનો પાક મહત્વનો ભાગ ભજવે છે. કપાસ ભારત અને મુખ્યત્વે ગુજરાતમાં કાપડ ઉધોગમાં આગવું સ્થાન ધરાવે છે. કપાસની માંગ અને ભાવ વધતા આ પાકનો વાવણી વિસ્તાર વર્ષો-વર્ષ વધી રહ્યો છે. કપાસમાં જીંડવા કોરી ખાનાર ઈયળો જેવી કે લીલી ઈયળ, કાબરી ઈયળ અને ગુલાબી ઈયળનો ઉપદ્રવ વધારે જોવા મળતો હતો જેથી તેના નિયંત્રણ માટે ભારતમાં ૨૦૦૨ના વર્ષમાં બીટી કપાસનું આગમન થયું અને ત્યારબાદ કપાસમાં જીંડવા કોરી ખાનાર ઈયળોનો ઉપદ્રવ મહદઅંશે નહીવત પ્રમાણમાં જોવા મળેલ છે જેને લીધે બીટી કપાસ ખેડૂતોમાં ખુબજ પ્રચલિત થતો ગયો. પહેલા જે ખેડૂતો જીવાત નિયંત્રણ માટે ૧૨-૧૫ વખત ખેતરમાં દવાનો છંટકાવ કરતા હતા એ ખેડૂતો બીટી કપાસના આગમન બાદ પાંચ થી છ વખત છંટકાવ કરવા લાગ્યા. કપાસની ખેતીમાં બદલાતા જતાં પરીબળો જેવા કે, વાતાવારણીય ફેરફારો, નવી જાતોની આડેધડ વાવણી, સમગ્ર રાજયમા બીટી કપાસનુ મોટા પાયે વાવેતર (Mono Cropping), જંતુનાશક દવાઓના વપરાશમાં થયેલ ઘટાડો વિગેરેને લીધે કપાસમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ વધી રહ્યો છે. અને તેમાંય દર વર્ષે ગુજરાત રાજયના મોટાભાગના વિસ્તારોમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. કપાસમાં આ જીવાત દ્વારા ૫ થી ૮૦% જેટલું નુંકશાન નોધાયેલ છે. આવી પરીસ્થીતીમાં જો યોગ્ય કાળજી લેવામાં ન આવે તો આ જીવાતનો મોટી સંખ્યામાં ફેલાવો થઈ શકે જેથી આ પાકમાં મોટી ઉત્પાતનું જોખમ સર્જાઈ શકે. જેથી આ જીવાતની ઓળખ અને તેના નુકશાનના ચિન્હો વિશે જાણવું જરૂરી છે.

કૃપા ડી. ચોડવડીયા
એમ.એસ.સી. વિદ્યાર્થી, કિટકશાસ્ત્ર વિભાગ,
આંણદ કૃષિ યુનિવર્સીટી, આંણદ
ડો. વી. સી. ગઢીયા
સહ પ્રાધ્યાપક, કૃષિ મહાવિદ્યાલય,
જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારીયા





● **ગુલાબી ઈયળનું જીવનચક્ર અને ઓળખ:** આ રોમ પક્ષ વર્ગની જીવાત પોતાના જીવનકાળ દરમ્યાન ઈંડા, ઈયળ, કોશેટા અને પુખ્ત એમ કુલ ચાર અવસ્થા માંથી પસાર થાય છે.

**ઈંડા અવસ્થા:**

● આ જીવાતના ઈંડા મોતી જેવા સફેદ રંગના, ચપટા અને લંબગોળ આકારના હોય છે.

● ઈંડા ૦.૫ મીમી લાંબા અને ૦.૨૫ મીમી પહોળા હોય છે જે સમયાંતરે રેખાઓ સાથે શિલ્પ જેવા આકારના દેખાય છે.

● આ જીવાતની માદા પાકની શરૂઆતની અવસ્થામાં કુમળા પાનની નીચેની બાજુએ, ફૂલ-ભમરીમાં તેમજ કળીઓમાં અને જીંડવા અવસ્થામાં નાના જીંડવાની રૂવાટી ઉપર એકલ દોકલ અથવા ૪ થી ૫ ની સંખ્યામાં જથ્થામાં ઈંડા મૂકે છે.

● માદા પોતાના જીવનકાળ દરમ્યાન ૧૫૦ થી ૩૦૦ની સંખ્યામાં ઈંડા મૂકે છે.

● ઈંડા અવસ્થા ૪ થી ૬ દિવસમાં પૂર્ણ કરી તેમાંથી ઈયળ બહાર આવે છે. (ક્રમશઃ)

# શ્રીકૃષ્ણ અને કૃષિ સંસ્કૃતિ

**પ્રસ્તાવના:** ભારત એક કૃષિપ્રધાન દેશ છે. અહીંની સંસ્કૃતિ, પરંપરા, જીવનશૈલી અને અર્થવ્યવસ્થાનો પાયો કૃષિ અને પશુપાલન પર આધારિત રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ, જમીન, જળ, વૃક્ષો અને પશુધનને દેવતાસમાન માનવામાં આવ્યા છે. આ કૃષિ સંસ્કૃતિને પોષણ આપનારા અનેક મહાપુરુષોમાં ભગવાન શ્રીકૃષ્ણનું સ્થાન અદ્વિતીય છે. શ્રીકૃષ્ણ માત્ર ધર્મ અને આધ્યાત્મના પ્રણેતા જ નથી, પરંતુ તેઓ ગ્રામ્ય જીવન, ગોપાલન, પ્રકૃતિપ્રેમ અને કર્મયોગના જીવંત પ્રતીક છે.

શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન કૃષિ અને પશુપાલન આધારિત ગ્રામ્ય સંસ્કૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલું હતું. તેમના બાળપણની લીલાઓ, ગાયોના સંવર્ધન પ્રત્યેનો પ્રેમ, ગોવર્ધન પૂજાનો સંદેશ, પ્રકૃતિ પ્રત્યેની આસ્થા અને ભગવદ્ ગીતાનો કર્મયોગનો ઉપદેશ આજના કૃષિ વિકાસ માટે પણ માર્ગદર્શક બની શકે છે.

**શ્રીકૃષ્ણનું બાળપણ અને ગ્રામ્ય જીવન:**

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ મથુરામાં થયો હતો, પરંતુ તેમનું બાળપણ ગોકુળ, વૃંદાવન અને નંદગામ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં વિત્યું હતું. આ વિસ્તારોમાં લોકોનો મુખ્ય વ્યવસાય ગોપાલન અને કૃષિ હતો. નંદબાબાના ઘરે ઉછરેલા શ્રીકૃષ્ણ બાળપણથી જ ગાયો સાથે રમતા, તેમને ચરાવવા જતાં અને ગોપબાળકો સાથે ગ્રામ્ય જીવનનો આનંદ માણતા.

શ્રીકૃષ્ણની બાળલીલાઓમાં ગાયોનું વિશેષ મહત્વ જોવા મળે છે. તેઓ ગાયોનું રક્ષણ કરતા, તેમની સંભાળ રાખતા અને ગોપસમાજના જીવનમાં સક્રિય ભાગ ભજવતા હતા. આથી જ તેમને 'ગોપાલ', 'ગોવિંદ' અને 'મુરલીધર' જેવા નામોથી ઓળખવામાં આવે છે.ભારતીય કૃષિ વ્યવસ્થામાં પશુપાલન અને ખેતી એકબીજાના પૂરક વ્યવસાયો છે. ગાયો માત્ર દૂધ ઉત્પાદન માટે જ નહીં, પરંતુ ખેતી માટે જરૂરી ખાતર, બળદ શક્તિ અને ગ્રામ્ય અર્થતંત્રના મહત્વપૂર્ણ અંગ તરીકે પણ ઉપયોગી રહી છે. શ્રીકૃષ્ણના જીવનમાં ગાયોના આ મહત્વને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

**ગૌસંવર્ધન અને કૃષિ વિકાસ:** ભારતીય સંસ્કૃતિમાં ગાયને 'ગૌમાતા' તરીકે પૂજવામાં આવે છે. ગાયનું દૂધ, ઘી, દહીં, છાશ અને ગોબર કૃષિ અને માનવ જીવન બંને માટે ઉપયોગી છે. ગોબરથી બનેલું જૈવિક ખાતર જમીનની ફળદ્રુપતા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.શ્રીકૃષ્ણના સમયમાં ગૌસંપત્તિ એ સમૃદ્ધિનું પ્રતિક માનવામાં આવતી હતી. ગાયોનું સંવર્ધન અને સંરક્ષણ સમગ્ર સમાજની જવાબદારી હતી. આજના સમયમાં પણ ટકાઉ કૃષિ માટે ગૌઆધારિત ખેતી, જૈવિક ખેતી અને સંકલિત ખેતી પધ્ધતિઓનું મહત્વ વધતું જાય છે.શ્રીકૃષ્ણનો ગૌપ્રેમ આપણને પશુધનના સંવર્ધન અને કુદરતી સંસાધનોના યોગ્ય ઉપયોગ માટે પ્રેરણા આપે છે. આધુનિક કૃષિમાં રાસાયણિક ખાતરોના વધતા ઉપયોગને કારણે જમીનની ગુણવત્તા પર અસર થઈ રહી છે. આવી સ્થિતિમાં ગૌઆધારિત જૈવિક ખેતીનું મહત્વ વધુ વધ્યું છે.

ડો. એચ. સી. છોડવડીયા, ડો. ટી. ડી. કપુરિયા,
પ્રો. વી. કે. ડોબરિયા
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

**ગોવર્ધન પૂજા અને પર્યાવરણ સંરક્ષણ:**

શ્રીકૃષ્ણના જીવનની સૌથી મહત્વપૂર્ણ ઘટનાઓમાં ગોવર્ધન પૂજાનું વિશેષ સ્થાન છે. ગોકુળવાસીઓ દર વર્ષે ઈન્દ્રદેવની પૂજા કરતા હતા. પરંતુ શ્રીકૃષ્ણે તેમને સમજાવ્યું કે જીવન માટે વરસાદ જેટલું જ મહત્વ જમીન, પર્વતો, જંગલો, પશુધન અને કુદરતી સંસાધનોનું પણ છે.તેમણે ગોવર્ધન પર્વતની પૂજા કરવાની પ્રેરણા આપી. પરિણામે ઈન્દ્રદેવે ક્રોધિત થઈને ભારે વરસાદ વરસાવ્યો. ત્યારે શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને પોતાની આંગળી પર ઉઠાવીને સમગ્ર ગોકુળની રક્ષા કરી.આ ઘટનાનો સંદેશ માત્ર ધાર્મિક નથી, પરંતુ પર્યાવરણીય દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ગોવર્ધન પૂજા આપણને શીખવે છે કે પ્રકૃતિનું જતન અને સંરક્ષણ કરવું એ માનવજાતની પ્રથમ ફરજ છે. જમીન, પાણી, વૃક્ષો અને પશુધનનું સંરક્ષણ કર્યા વિના કૃષિનો વિકાસ શક્ય નથી.

**ભગવદ્ ગીતા અને કર્મયોગી ખેડૂત:** કુરુક્ષેત્રના યુધ્ધ દરમિયાન શ્રીકૃષ્ણે અર્જુનને ભગવદ્ ગીતાનો ઉપદેશ આપ્યો હતો. ગીતા માનવજાત માટે કર્મયોગનો અમૂલ્ય ગ્રંથ છે. તેમાં શ્રીકૃષ્ણે નિષ્કામ કર્મ, કર્તવ્યનિષ્ઠા અને આત્મવિશ્વાસનો સંદેશ આપ્યો છે.ખેડૂતનું જીવન પણ કર્મયોગનું ઉત્તમ ઉદાહરણ છે. ખેડૂત બીજ વાવે છે, જમીન તૈયાર કરે છે, પાકનું રક્ષણ કરે છે અને કુદરતી પરિસ્થિતિઓનો સામનો કરે છે. તે સતત પરિશ્રમ કરે છે પરંતુ પરિણામની ચિંતા કર્યા વિના પોતાનું કર્તવ્ય નિભાવે છે.ગીતા અનુસાર કર્તવ્યનું પાલન જ સૌથી મોટો ધર્મ છે. આ દ્રષ્ટિએ દરેક ખેડૂત સાચા અર્થમાં કર્મયોગી છે. શ્રીકૃષ્ણનો આ ઉપદેશ ખેડૂતોને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ધૈર્ય અને આશાવાદ જાળવવાની પ્રેરણા આપે છે.

**કૃષિ અને સામૂહિક જીવન:**

શ્રીકૃષ્ણનું જીવન સહકાર, એકતા અને સામૂહિક જીવનના મૂલ્યો પર આધારિત હતું. ગોકુળ અને વૃંદાવનનો સમગ્ર સમાજ એક પરિવારની જેમ રહેતો હતો. દરેક વ્યક્તિ એકબીજાને મદદ કરતી અને સામૂહિક વિકાસમાં યોગદાન આપતી હતી.આજના સમયમાં ખેડૂતો માટે સહકારી મંડળીઓ, ઉત્પાદક કંપનીઓ (FPOs), સ્વસહાય જૂથો અને ખેડૂત સંગઠનોનું મહત્વ વધી રહ્યું છે. શ્રીકૃષ્ણના જીવનમાંથી મળતા સહકાર અને સામૂહિક વિકાસના મૂલ્યો ગ્રામ્ય વિકાસ માટે અત્યંત ઉપયોગી છે.

**શ્રીકૃષ્ણ અને કુદરતી ખેતી:**

શ્રીકૃષ્ણનું જીવન સંપૂર્ણપણે પ્રકૃતિ સાથે સંકળાયેલું હતું. યમુનાના કિનારે વિતાવેલું જીવન, ગાયો સાથેનો સંબંધ અને કુદરતી વાતાવરણ પ્રત્યેનો પ્રેમ આજે કુદરતી ખેતીના સિધ્ધાંતો સાથે સુસંગત લાગે છે.કુદરતી ખેતીમાં જમીનની જૈવિક શક્તિ જાળવવા, સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરવા અને પર્યાવરણનું સંતુલન જાળવવા પર ભાર મૂકવામાં આવે છે. શ્રીકૃષ્ણનો જીવનસંદેશ પણ માનવ અને પ્રકૃતિ વચ્ચેના સમન્વયને પ્રોત્સાહન આપે છે.

**કૃષિ તહેવારો અને શ્રીકૃષ્ણ:** ભારતીય કૃષિ સંસ્કૃતિમાં વિવિધ તહેવારોનું વિશેષ મહત્વ છે. જન્માષ્ટમી, ગોપાષ્ટમી, ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ જેવા તહેવારો કૃષિ અને પશુપાલન સાથે સીધા જોડાયેલા છે.આ તહેવારો માત્ર ધાર્મિક ઉજવણી નથી, પરંતુ કૃષિ, પશુધન અને પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે. ખેડૂતો માટે આ તહેવારો નવી ઊર્જા અને પ્રેરણાનું સ્ત્રોત બને છે.

આધુનિક કૃષિ માટે શ્રીકૃષ્ણનો સંદેશ આજે કૃષિ ક્ષેત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. જમીનની ફળદ્રુપતામાં ઘટાડો, જળસંકટ, આબોહવા પરિવર્તન અને ઉત્પાદન ખર્ચમાં વધારો જેવી સમસ્યાઓ ખેડૂતો માટે ચિંતાનો વિષય બની છે.

આવા સમયમાં શ્રીકૃષ્ણના જીવનમાંથી નીચેના સંદેશો અત્યંત ઉપયોગી બની શકે છે:

● પ્રકૃતિ સાથે સંતુલન જાળવવું.
● પશુધનનું સંવર્ધન કરવું.
● જૈવિક અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવું.
● સહકાર અને સામૂહિક વિકાસને અપનાવવો.
● કર્મયોગ અને કર્તવ્યનિષ્ઠાનું પાલન કરવું.
● કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવું.

**ઉપસંહાર:** ભગવાન શ્રીકૃષ્ણ ભારતીય કૃષિ સંસ્કૃતિના જીવંત પ્રતીક છે. તેમનું જીવન ગ્રામ્ય વિકાસ, ગોપાલન, પ્રકૃતિપ્રેમ, સહકાર અને કર્મયોગના આદર્શોથી પરિપૂર્ણ છે. તેઓ માત્ર એક ધાર્મિક વ્યક્તિત્વ નથી, પરંતુ ભારતીય કૃષિ અને ગ્રામ્ય જીવનના શાશ્વત માર્ગદર્શક છે.આધુનિક કૃષિ વિકાસના યુગમાં શ્રીકૃષ્ણના જીવનમૂલ્યો વધુ પ્રાસંગિક બન્યા છે. પ્રકૃતિનું સંરક્ષણ, પશુધનનો વિકાસ, ટકાઉ ખેતી અને કર્મયોગની ભાવનાને અપનાવીને જ આપણે સમૃદ્ધ, સ્વાવલંબી અને પર્યાવરણમૈત્રી કૃષિ વ્યવસ્થાનું નિર્માણ કરી શકીશું. શ્રીકૃષ્ણનો સંદેશ ખેડૂતો માટે હંમેશા પ્રેરણાનું અમર ઝરણું બની રહેશે.

# આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પરથી રૂ.૧૫.૩૯ કરોડનું ૧૦ કિલો સોનું જપ્ત, બે તસ્કર ઝડપાયા



આગ્રા,તા.૨૩

ઉત્તર પ્રદેશના કન્નૌજ નજીક આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર ગસ્ત કરી રહેલી પોલીસ વાન સાથે એક ઝડપી બ્રેઝા કાર અથડાઈ હતી. અકસ્માત બાદ કારચાલકે ભાગવાનો પ્રયાસ કરતા પોલીસે શંકાના આધારે વાહનની તપાસ કરી હતી. જેમાં ૨૪ કેરેટ સોનાના ૧૦ બિસ્કિટ (વજન આશરે ૧૦ કિલો) મળી આવ્યા હતા, જેની કિંમત રૂ.૧૫.૩૯ કરોડ અંદાજવામાં આવી છે. પોલીસે નેપાળના સરોજ પંત અને મહારાજગંજના સંદીપ જયસ્વાલની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે સોનું નેપાળથી ગોરખપુર લાવવામાં આવ્યું હતું અને ત્યાંથી દિલ્હી મોકલવામાં આવી રહ્યું હતું. કસ્ટમ્સ અને જીએસટી વિભાગે પણ આ અંગે તપાસ શરૂ કરી છે. બીજી તરફ, આ ઘટના પર રાજકારણ ગરમાયું છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આરોપ લગાવ્યો કે કારમાંથી ૨૬ કિલો સોનું મળ્યું હતું પરંતુ પોલીસે માત્ર ૧૦ કિલો દર્શાવ્યું છે. જોકે, કન્નૌજ પોલીસે આ આરોપોને ભ્રામક અને પાયાવિહોણા ગણાવી સમગ્ર કામગીરીનું વિડિયો રેકોર્ડિંગ હોવાનું સ્પષ્ટ કર્યું છે.

# પેન્ડિંગ કેસના આધારે સરકારી કર્મચારીને નોકરીમાંથી કાઢી શકાય નહીં: સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી,તા.૨૩

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં સ્પષ્ટ કર્યું છે કે માત્ર સામે ફોજદારી કેસ પેન્ડિંગ હોવાના આધારે જ સરકારી કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરી શકાય નહીં, ખાસ કરીને જ્યારે કર્મચારીને પોતાની રજૂઆત કરવાની પૂરતી તક આપવામાં ન આવી હોય.

ન્યાયાધીશ દીપાંકર દત્તા અને શીલ નાગુની બેન્ચે એક કોન્સ્ટેબલની બરતરફીને ગેરકાયદેસર ઠેરવતા જણાવ્યું હતું કે, કોઈ કર્મચારી દોષિત ઠર્યો ન હોય અને માત્ર કેસ પેન્ડિંગ હોય તો તેને બરતરફ કરવાનો નિર્ણય વાજબી નથી. કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી જે એક દાયકાથી વધુ સમયથી કામ કરતા કર્મચારીને માત્ર પેન્ડિંગ કેસના આધારે નોકરીમાંથી દૂર કરવાની સત્તા આપે. જોકે, બે દાયકાથી વધુ સમય વીતી ગયો હોવાથી અપીલકર્તાને પુનઃસ્થાપિત કરવાના બદલે, સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને પંજાબ સરકારને રૂ.૫ લાખનું વળતર ચૂકવવા નિર્દેશ આપ્યો હતો.

અપીલકર્તા ૧૯૯૧માં પંજાબ પોલીસમાં જોડાયા હતા અને ૨૦૦૨માં તેમને ફરજ પર જોડાતા રોકવામાં આવ્યા હતા.

# અનામત દાન નથી પણ બંધારણીય અધિકાર છે : કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન




નવી દિલ્હી,તા.૨૩

જંતર મંતર પર જાતિ આધારિત અનામત નાબૂદ કરવાની માગને લઈને રાજકારણ ગરમાયું છે. બસપા સુપ્રિમો માયાવતીએ આ વિરોધને બંધારણ વિરોધી ગણાવ્યો છે. તેમણે કહ્યું કે આર્થિક આધાર પર અનામતની માગ ગેરવાજબી છે.

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને સ્પષ્ટ કર્યું કે અનામત કોઈ દાન નથી પરંતુ બંધારણીય અધિકાર છે. દલિતોને મુખ્ય પ્રવાહમાં લાવવા બાબા સાહેબ આંબેડકરે આ વ્યવસ્થા આપી હતી. કોઈના કહેવાથી તેને સમાપ્ત કરવું અશક્ય છે.

# બાંગ્લાદેશના રંગપુરમાં હિન્દુ પરિવારના ૪ સભ્યોની રહસ્યમય સંજોગોમાં હત્યા



નવી દિલ્હી,તા.૨૩

બાંગ્લાદેશના રંગપુર શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નિવૃત્ત શિક્ષક ગણપતિ ચક્રવર્તી, તેમના પત્ની પ્રીતિલતા, પુત્રી અગામી અને ૧૨ વર્ષના પુત્ર પ્રિયમની તેમના જ ઘરમાં હત્યા કરવામાં આવી છે. ગુરુવાર રાતથી પરિવારનો સંપર્ક ન થતાં શનિવારે રાત્રે પોલીસે બંધ ઘરનું તાળું તોડીને તપાસ કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન ઘરના અલગ-અલગ ભાગમાંથી મૃતદેહ મળી આવ્યા હતા. માતા અને પુત્રીની લાશ સીડી પાસે, પિતાનો મૃતદેહ છત પર અને ૧૨ વર્ષના પુત્રનો મૃતદેહ પલંગ નીચેથી મળ્યો હતો. ઘર બહારથી બંધ હતું અને ચારેયના ફોન બંધ આવતા હતા. ઘટના બાદ સીઆઈડી અને ડિટેક્ટિવ બ્રાન્ચે તપાસ શરૂ કરી છે. નિવૃત્તિ પછી હોમિયોપેથિક પ્રેક્ટિસ કરતા ગણપતિને કોઈ સાથે દુશ્મની ન હોવાનું પરિવારે જણાવ્યું છે. હાલ હત્યાનું કારણ અને સમય સ્પષ્ટ થયા નથી.

# મહારાષ્ટ્રમાં કોમર્શિયલ ડ્રાઈવરો માટે મરાઠી ભાષાની કસોટીમાં ૪,૪૩૪ પાસ, ૭૭૭ નાપાસ

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રમાં વાણિજ્યિક વાહન ચાલકો માટે મરાઠી ભાષાનું વ્યવહારુ જ્ઞાન ફરજિયાત કરવામાં આવ્યું છે. પરિવહન વિભાગના રાજ્યવ્યાપી નિરીક્ષણ દરમિયાન ૫,૨૧૧ ડ્રાઈવરોની કસોટી લેવામાં આવી હતી. જેમાંથી ૪,૪૩૪ ડ્રાઈવરો પાસ થયા હતા, જ્યારે ૭૭૭ નાપાસ થયા હતા. મરાઠી કસોટીમાં નાપાસ થયેલા ૭૭૭ માંથી ૭૨૨ ડ્રાઈવરો મુંબઈ મેટ્રોપોલિટન રીજનના છે. પરિવહન વિભાગે આ તમામ ડ્રાઈવરોને નોટિસ આપીને એક મહિનામાં મરાઠીનું વ્યવહારુ જ્ઞાન મેળવવાનો નિર્દેશ આપ્યો છે. નવા નિયમો મુજબ નિયત સમયમાં ભાષા ન શીખનાર ડ્રાઈવરોનું લાયસન્સ ત્રણ મહિના માટે સસ્પેન્ડ અથવા પરમિટ રદ થઈ શકે છે. પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે સ્પષ્ટ કર્યું કે મુસાફરો સાથે યોગ્ય સંવાદ માટે સ્થાનિક ભાષાનું જ્ઞાન જરૂરી છે અને સરકાર આમાં કોઈ બાંધછોડ સહન નહીં કરે.

# ધોરાજીમાં ખાનગી બસોની મનમાની, ગેલેક્સી ચોક બન્યો ટ્રાફિક જામનો અડ્ડો



ધોરાજી,તા.૨૩

રાજકોટ જિલ્લાના ધોરાજી સ્થિત ગેલેક્સી ચોક અને અન્ય મુખ્ય માર્ગો પર ખાનગી ટ્રાવેલ્સ ચાલકો દ્વારા આડેધડ બસો પાર્ક કરવામાં આવતાં ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. રસ્તાની વચ્ચે ઉભી રહેતી આ બસોના કારણે સામાન્ય વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આશ્ચર્યની વાત એ છે કે આ બસોનું ગેરકાયદેસર પાર્કિંગ મામલતદાર અને ડેપ્યુટી કલેક્ટર કચેરીની સામે જ થાય છે, છતાં પણ જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. તહેવારોના સમયે મુસાફરોનો ધસારો વધતાં સ્થિતિ વધુ ગંભીર બને છે. ઈમરજન્સી સેવાઓ જેવી કે સિવિલ હોસ્પિટલે જતી એમ્બ્યુલન્સ પણ આ જામમાં ફસાઈ જાય છે.આ ઉપરાંત, ખાનગી બસ ચાલકો નિયમોનું ઉલ્લંઘન કરીને ક્ષમતા કરતાં વધુ પેસેન્જરો બેસાડે છે. ટ્રાફિક પોલીસ અને આરટીઓ તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે આડેધડ પાર્કિંગ કરનારાઓ સામે તાત્કાલિક કડક દંડ ફટકારવામાં આવે જેથી ટ્રાફિકની આ વિકટ સમસ્યાથી કાયમી મુક્તિ મળી શકે.

# ઉના તાલુકાના પાલડી ગામે ૧૨ વર્ષની લડત બાદ વારસદારોને ન્યાય



ઉના,તા.૨૩

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના પાલડી ગામના સ્વ. અરજણભાઈ બાંભણિયાના અકસ્માતે થયેલા અવસાનના કેસમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા **(SBI)**, નવાબંદર શાખાને પાક ધિરાણ સામે અકસ્માત વીમો ન લેવાનું ભારે પડ્યું છે. ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશને અરજદારોની અપીલ મંજૂર કરી બેંકને વ્યાજ અને વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.સ્વ. અરજણભાઈનું ડિસેમ્બર ૨૦૧૪માં અકસ્માતે નિધન થયું હતું. નિયમ મુજબ પાક ધિરાણ ધરાવતા ખેડૂતનો અકસ્માત વીમો ઉતારવાની બેંકની જવાબદારી હોવા છતાં તેમ કરવામાં આવ્યું ન હતું. આથી વારસદારોએ જૂનાગઢ ગ્રાહક ફોરમમાં કેસ કર્યો હતો, જ્યાં અરજી ફગાવી દેવાતા કમિશન સમક્ષ અપીલ કરવામાં આવી હતી.

અપીલની સુનાવણી બાદ કમિશને બેંકની બેદરકારી સ્વીકારી મૂળ રૂ. ૧ લાખની વીમા રકમ ફરિયાદની તારીખથી ૮ ટકા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, માનસિક ત્રાસ બદલ રૂ. ૧૦,૦૦૦ અને કાનૂની ખર્ચ પેટે રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૨૦,૦૦૦ વધારાના ૬૦ દિવસમાં ચૂકવવા હુકમ કર્યો છે. ૧૨ વર્ષ બાદ ગ્રાહક કમિશનના આ ચુકાદાથી પીડિત પરિવારને આખરે ન્યાય મળ્યો છે.

# જુનાગઢમાં અમરેલી સહિત બે જિલ્લાના વન વિભાગ સંબંધિત મુદ્દા અંગે બેઠક યોજાઈ




તસવીર : કૈલાશ ભટ્ટ

જૂનાગઢ,તા.૨૩

જૂનાગઢમાં વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં જૂનાગઢ તથા અમરેલી જિલ્લાના સંસદસભ્યો, ધારાસભ્યો અને પદાધિકારીઓ સાથે વન વિભાગને લગતા વિવિધ પ્રશ્નો અને જનહિતના મુદ્દાઓ અંગે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન વન સંરક્ષણ સાથે સ્થાનિક જરૂરિયાતો અને વિકાસના કામોને કેવી રીતે આગળ વધારી શકાય તે અંગે અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જનહિતને કેન્દ્રમાં રાખીને પર્યાવરણ અને વિકાસ વચ્ચે સંતુલન જળવાય તે દિશામાં જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઉના તાલુકાના ગરાળ સબસ્ટેશનમાં આગ લાગતા વીજ પુરવઠો ખોરવાયો



ઉના,તા.૨૩

ઉના તાલુકાના ગરાળ ગામમાં આવેલા જ્યોતિ ગ્રામ સબસ્ટેશનમાં અચાનક આગ લાગતા સમગ્ર ગામમાં અંધારપટ છવાઈ ગયો હતો. સ્થાનિક ગ્રામજનોએ આ ઘટના અંગે પીજીવીસીએલની ફોલ્ટ ઓફિસને જાણ કરી હતી અને વીડિયો મોકલી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી. વીજ પુરવઠો ઠપ્પ થઈ જતાં ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે, જેથી પીજીવીસીએલ તંત્ર વહેલી તકે સેવા પૂર્વવત કરે તેવી માંગ કરાઈ છે.

# સોમનાથ મહાદેવને ૧૦૧ કિલો પુષ્પો અને બિલીપત્રોથી વિશેષ હનુમંત દર્શન શૃંગાર કરાયો



ગીર સોમનાથ,તા.૨૩

શ્રાવણ સુદ દશમના પાવન દિવસે સોમનાથ મહાદેવના મંદિર ખાતે ભગવાન શિવના રુદ્રાવતાર અને ભક્તશિરોમણી હનુમાનજીના દર્શન કરાવતો વિશેષ શૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ દાદાને ૧૦૧ કિલોગ્રામ વિવિધ પુષ્પો જેવાં કે ગુલાબ, પર્પલ સેવંતી, આસોપાલવ અને કેસરી ગલગોટાથી સુશોભિત કરવામાં આવ્યા હતા. આ શૃંગારમાં ચંદન, બિલ્વપત્ર અને પીળાં પુષ્પોના માધ્યમથી ભગવાન હનુમાનજીની દિવ્ય અને આકર્ષક પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી.

ભગવાન હનુમાનજી રામના પરમ ભક્ત હોવા સાથે મહાદેવના જ રુદ્રાવતાર તરીકે પૂજાય છે, જેથી આ શૃંગાર દ્વારા 'હરિ' અને 'હર'ના અદ્ભુત ઐક્યનો સંદેશ રજૂ થયો હતો. સોમનાથ મહાદેવ અને હનુમાનજીના આ અલૌકિક દર્શન કરીને તમામ શ્રધ્ધાળુઓનું અંતઃકરણ ભાવવિભોર બની ગયું હતું.

# ગીરગઢડા અને વેરાવળમાંથી ૧૭ જુગારીઓ ઝડપાયા, રૂ. ૧.૯૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત



ગીર સોમનાથ,તા.૨૩

ગીર સોમનાથ જિલ્લા પોલીસે જુગાર વિરોધી કાર્યવાહી હેઠળ ગીરગઢડા અને વેરાવળમાં બે જુદા જુદા સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરોડામાં કુલ ૧૭ જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેમની પાસેથી રૂ.૧.૯૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસને ગીર ગઢડા તાલુકાના નાના સમઢિયાળા ગામના મફતપુરા વિસ્તારમાં કરણવાડી નજીક જાહેર જગ્યાએ જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. પોલીસે ત્યાં દરોડા પાડીને નવ ઈસમોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત, એલસીબીની ટીમને મળેલી સંયુક્ત બાતમીના આધારે વેરાવળ શહેરના હુડકો સોસાયટી વિસ્તારમાં ખોડિયાર મંદિરની બાજુમાં આવેલી જાહેર જગ્યાએ પણ જુગારધામ પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં આઠ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. બંને સ્થળોએથી પોલીસે કુલ રૂ.૧,૯૦,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જેમાં રૂ.૧,૬૫,૩૦૦ રોકડ, આઠ મોબાઈલ ફોન (અંદાજિત કિંમત રૂ.૩૬,૦૦૦), ચાર મોટરસાયકલ (અંદાજિત કિંમત રૂ.૪૫,૦૦૦) અને જગારનું સાહિત્યનો સમાવેશ થાય છે. ઝડપાયેલા કુલ ૧૭ ઈસમો સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ગીર સોમનાથ જિલ્લામાં વરસાદ ખેંચાતા પાક બચાવવો મુશ્કેલ બન્યો

**વાવેતર નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે ખેડૂતોની સરકાર પાસે સહાયની માંગ**



ઉના,તા.૨૩

ગીર સોમનાથ જિલ્લામાં ચોમાસાની શરૂઆતમાં સારો વરસાદ પડ્યા બાદ હવે વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતા વધી છે. ઉના પંથકમાં આશરે ૨૦ ઈંચ અને ગીરગઢડા પંથકમાં ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. ૪ અને ૫ જુલાઈના વરસાદ બાદ ખેડૂતોએ મગફળી, મગ, મઠ, અળદ, ડુંગળી, શાકભાજી, મકાઈ, અજમો અને કપાસનું મોટા પાયે વાવેતર કર્યું હતું.વાવણી બાદ વરસાદ ન થતાં અનેક વિસ્તારોમાં પાકને પૂરતો ભેજ મળતો નથી. ખાસ કરીને ગીરગઢડા તાલુકામાં મગફળી અને અજમાનો પાક મુશ્કેલીમાં મુકાયો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, મોંઘા બિયારણ અને વાવેતર પાછળ એકથી દોઢ લાખ રૂપિયા ખર્ચ્યા બાદ હવે પાક નિષ્ફળ જવાની ભીતિ છે.સમયસર વરસાદ નહીં પડે તો ઊભો પાક બચાવવો મુશ્કેલ બનશે. સાથે પશુઓ માટેનો ઘાસચારો પણ સુકાઈ રહ્યો છે. ખેડૂતોને સરકાર પાસે તાત્કાલિક સર્વે કરાવી યોગ્ય વળતર અને જરૂરી રાહત આપવાની માંગ કરી છે.

### ગુજરાત રાજ્યના સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા ગુજકોમાસોલની ૬૫મી વાર્ષિક સામાન્ય સભામાં નિર્ણય

# ખેડૂતોને ૨૦ ટકા ડિવિડન્ડ, કર્મચારીઓની નિવૃત્તિ વય ૬૦ વર્ષ: દિલીપ સંઘાણીની જાહેરાત






ગાંધીનગર,તા. ૨૩

ગુજરાત રાજ્યના સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા ગુજકોમાસોલની ૬૫મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ગાંધીનગર ખાતે અત્યંત ઉત્સાહપૂર્ણ અને ગરિમાપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી. આ મહત્વપૂર્ણ સાધારણ બેઠકમાં ગુજકોમાસોલ અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, વાઈસ ચેરમેન બિપિન પટેલ, રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણી તેમજ સહકારી ક્ષેત્રના અગ્રણી નેતા જયેશ રાદડિયા સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો, ડિરેક્ટરો અને મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્ષિક સભા દરમિયાન રાજ્યના ખેડૂતો, સંસ્થાના કર્મચારીઓ તેમજ સહકારી માળખાના સર્વાંગી વિકાસને સ્પર્શતા અનેક મહત્વપૂર્ણ અને દુરંદેશી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

સભામાં ખેડૂત સભાસદોના આર્થિક હિતને ધ્યાનમાં રાખીને તેમને ૨૦ ટકા જેટલું આકર્ષક ડિવિડન્ડ આપવાની મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થામાં નિષ્ઠાપૂર્વક સેવા આપતા કર્મચારીઓની વર્ષો જૂની માગણી અને સુવિધાને ધ્યાનમાં રાખીને તેમની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષથી વધારીને ૬૦ વર્ષ કરવાનો વહીવટી નિર્ણય દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં લેવાયો હતો. આ નિર્ણયથી સંસ્થાના અનુભવી કર્મચારીઓને વધુ બે વર્ષ સુધી પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે.

સંસ્થાની નાણાકીય કામગીરીનો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં જણાવાયું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ગુજકોમાસોલે પોતાની સ્થાપના પછીનું અત્યાર સુધીનું સૌથી મોટું અને રેકોર્ડબ્રેક રૂ. ૧૧,૪૭૯ કરોડનું વાર્ષિક ટર્નઓવર નોંધાવવાની અભૂતપૂર્વ સિધ્ધિ હાંસલ કરી છે. આ જ સમયગાળામાં સંસ્થાએ રૂ. ૧૫૨.૬૩ કરોડનો ગ્રોસ પ્રોફિટ મેળવ્યો હતો, જ્યારે તમામ કરવેરાની ચુકવણી કર્યા બાદ સંસ્થાનો ચોખ્ખો નફો રૂ. ૬૦ કરોડ રહ્યો હતો. સંસ્થાના સંચિત અનામત અને અન્ય ફંડમાં પણ રૂ. ૬૧.૮૮ કરોડનો નોંધપાત્ર વધારો થતાં હવે સંસ્થાનું કુલ રિઝર્વ ફંડ વધીને અંદાજે રૂ. ૨૧૬ કરોડના સ્તરે પહોંચી ગયું છે, જે સંસ્થાની મજબૂત આર્થિક સ્થિતિ અને પારદર્શી વહીવટની પ્રતીતિ કરાવે છે.

ખાતર વિતરણ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત બિયારણ પૂરા પાડવાના ક્ષેત્રે પણ ગુજકોમાસોલે સમગ્ર રાજ્યમાં સરાહનીય કામગીરી કરી છે. વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા ખેડૂતોને સમયસર અને પૂરતા પ્રમાણમાં ૧૭.૫૯ લાખ મેટ્રિક ટન ખાતરનું સફળતાપૂર્વક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે સંસ્થાના બિયારણ વિભાગ દ્વારા રાજ્યના ખેડૂતોને રૂ. ૧૧૪.૭૯ કરોડની કિંમતના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા શુધ્ધ સર્ટિફાઈડ બિયારણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. જગતના તાતને તેમની મહેનતની પેદાશોના યોગ્ય અને પૂરતા ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરવાની પ્રક્રિયામાં પણ સંસ્થાએ ખૂબ સક્રિય ભૂમિકા ભજવી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ. ૮,૬૮૦ કરોડથી વધુ રકમની કૃષિ પેદાશોની ટેકાના ભાવે સીધી ખરીદી કરવામાં આવી છે.

કૃષિ ક્ષેત્રમાં આધુનિક ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ગુજકોમાસોલ દ્વારા સમગ્ર રાજ્યમાં ડ્રોન ટેક્નોલોજી અંગે વિશેષ જાગૃતિ અને અમલીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના સકારાત્મક પરિણામે અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ એકર જમીનમાં ડ્રોન કેમેરા અને સાધનોની મદદથી પાક પર જંતુનાશક દવાઓનો સફળતાપૂર્વક છંટકાવ કરવામાં આવ્યો છે. રાજ્યના ખેડૂતો દ્વારા ઉત્પાદિત કરાતી વિવિધ ચીજવસ્તુઓને દેશના મોટા અને આધુનિક બજારો સુધી સરળતાથી પહોંચાડી શકાય તે હેતુથી 'ગુજકો' નામથી એક નવી રાષ્ટ્રીય બ્રાન્ડ લોન્ચ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. ભવિષ્યમાં આ ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરના વૈશ્વિક બજારો સુધી નિકાસ કરવાની દિશામાં પણ ગંભીરતાથી પ્રયાસો કરવામાં આવશે. આ ઉપરાંત, હાલમાં અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર જેવા મુખ્ય શહેરોમાં કાર્યરત કુલ સાત ગુજકો મોલના સફળ સંચાલન બાદ હવે રાજ્યના અન્ય શહેરોમાં પણ ગુજકો મોલનું વિસ્તરણ કરવાની વ્યાપક યોજના ઘડી કાઢવામાં આવી છે, જેથી ખેડૂતોના ઉત્પાદનો સીધા જ ગ્રાહકો સુધી પહોંચાડી શકાય અને વચેટિયાઓની ભૂમિકા નાબૂદ કરી શકાય.

આમ, ગુજકોમાસોલની આ ૬૫મી વાર્ષિક સામાન્ય સભામાં ખેડૂતોના હિત, કૃષિ ટેક્નોલોજી, ઉત્પાદન વેચાણ અને કર્મચારી કલ્યાણ અંગે લેવાયેલા તમામ નિર્ણયો રાજ્યના સહકારી માળખા માટે આગામી સમયમાં ખૂબ જ લાભદાયી અને દિશાસૂચક સાબિત થશે.

## જામનગરના હરિપર ગામે નકલી દૂધના કૌભાંડનો પર્દાફાશ કરતા નિર્લિપ્ત રાય

જામનગર, તા.૨૩

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરિપર ગામમાં નકલી દૂધ બનાવવાના કથિત કૌભાંડનો પર્દાફાશ થયો છે. રાજકોટ રેન્જના આઈજી નિર્લિપ્ત રાયની સૂચનાથી પોલીસે વિવિધ ડેરીઓ અને શંકાસ્પદ સ્થળોએ દરોડા પાડ્યા હતા. કાર્યવાહી દરમિયાન આશરે ૭,૧૫૦ લિટર શંકાસ્પદ દૂધનો જથ્થો મળી આવતા તેને જપ્ત કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં દૂધમાં વનસ્પતિ ઘી, પાવડર અને પાણીનો ઉપયોગ થતો હોવાની



આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જપ્ત કરાયેલા દૂધના નમૂના પરીક્ષણ માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને મોકલવામાં આવશે. લેબોરેટરી રિપોર્ટ બાદ દૂધની ગુણવત્તા અને ભેળસેળ અંગે સ્પષ્ટતા થશે. પોલીસે સમગ્ર નેટવર્કની તપાસ શરૂ કરી છે.

## રાજકોટમાં ૬ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ થાય તે પહેલા જ પોલીસે આરોપીને ઝડપ્યો

રાજકોટ,તા.૨૩

રાજકોટની મેટોડા GIDCમાં ઘર પાસે રમી રહેલી ૬ વર્ષની માસૂમ બાળકીને આઈસક્રીમની લાલચ આપી વિક્રમ ગૌર (૩૬) નામનો શખસ અપહરણ કરી બે કિમી દૂર ખીરસરા તરફની ઝાડીઓમાં લઈ ગયો હતો. બાળકી ગુમ થતાં પરિવારે તાત્કાલિક ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી હતી.ઘટનાની ગંભીરતા જોઈ પોલીસે CCTV ફૂટેજ આધારે ત્વરિત તપાસ હાથ ધરી હતી. ખીરસરાના સુમસામ રસ્તે ઝાડીઓમાંથી બાળકીના રડવાનો અવાજ આવતાં પોલીસે સ્થળ પર પહોંચી આરોપીને અર્ધનગ્ન હાલતમાં પકડી પાડ્યો હતો. પોલીસની સમયસરની કાર્યવાહીથી બાળકી પર દુષ્કર્મ થતાં અટક્યું હતું. પોલીસ તપાસમાં મૂળ મજૂરી કામ કરતા આરોપીના મોબાઈલમાંથી પોર્ન સાઈટની સર્ચ હિસ્ટ્રી મળી આવી છે. પોલીસે બાળકી અને આરોપીનું મેડિકલ પરીક્ષણ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ બે પીડિતોના મોત સાથે મૃત્યુઆંક ૧૩ પહોંચ્યો

ભાવનગર,તા.૨૩

ભાવનગરમાં ઝેરી દારૂના કાંડમાં ૨૩ ઓગસ્ટે વધુ બે વ્યક્તિઓના મોત નિપજતાં કુલ મૃત્યુઆંક ૧૩ પર પહોંચ્યો છે. સર ટી. હોસ્પિટલના ICUમાં સારવાર હેઠળ રહેલા મૂળ મહીસાગરના મુકેશ ડામોર અને કાળિયાબીડના ખાનગી બેંકકર્મી ભાર્ગવ ઉપાધ્યાયનું ખાનગી હોસ્પિટલમાં અવસાન થયું છે. છેલ્લા બે દિવસમાં જ આ



કાંડથી પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલ ત્રણ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બીજી તરફ, તપાસ દરમિયાન વરતેજ પોલીસે રોયલ સ્ટેગની નકલી બોટલ સાથે જયકિશન ડાંગરને ઝડપી પાડ્યો છે. પૂછપરછમાં તેણે હરદીપ મોરી પાસેથી રૂ.૮,૫૦૦ પ્રતિ પેટી લેખે પાંચ પેટી ખરીદી હોવાનો ખુલાસો થયો છે. દારૂમાંથી વાસ આવતાં તેણે માલ પરત કરવા પ્રયાસ કર્યો હતો, પરંતુ વેપારીએ ફોન બંધ કરી દીધો હતો. લઠ્ઠાકાંડની જાણ થતાં આરોપીએ પોતાની પાસે રહેલી પાંચ બોટલો ઝાડીઓમાં ફેંકી નાશ કર્યો હતો.

## તળાજામાં ચેકડેમમાં ચાર યુવાનો ડૂબ્યા, બેના કરૂણ મોત

ભાવનગર, તા.૨૩

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મથાવડા ગામ પાસે આવેલા ચેકડેમમાં ચાર યુવાનો પાણીમાં ડૂબી ગયા હોવાની કરૂણ ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં ગ્રામજનો, તળાજા ફાયર વિભાગ અને સ્થાનિક તરવૈયાઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. કલાકોની જહેમત બાદ



ચારેય યુવાનોને પાણીમાંથી બહાર કાઢી સારવાર માટે તળાજાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તપાસ કરતાં મિલનભાઈ ગોવિંદભાઈ શીયાળ (ઉં.૧૯) અને તુષારભાઈ ગંભીરભાઈ શીયાળ (ઉં.૧૮)ને મૃત જાહેર કર્યા હતા.

જ્યારે અન્ય બે યુવાનોની સારવાર ચાલી રહી છે. બે યુવાનોના અકાળે મોતથી મથાવડા ગામ સહિત સમગ્ર તળાજા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## ગુજરાત માટે અંતરિક્ષ ક્ષેત્રે મોટો દિવસ: કોડીનારમાં સ્પેસ પાર્કને મંજૂરી

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર માટે અંતરિક્ષ ક્ષેત્રે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ત્રીજા નેશનલ સ્પેસ ડેની ઉજવણી દરમિયાન ઈસરોના ચેરમેન ડો. વી. નારાયણને કોડીનારમાં સ્પેસ પાર્ક બનાવવાની મંજૂરી આપવામાં આવી હોવાની જાહેરાત કરી હતી.કોડીનારમાં સ્પેસ પાર્કની સ્થાપનાથી ગુજરાતમાં સ્પેસ ટેક્નોલોજી, સંશોધન અને નવીનતાને વેગ મળવાની આશા છે. આ પ્રોજેક્ટથી વિદ્યાર્થીઓ



અને યુવાનોમાં વિજ્ઞાન તથા અવકાશ ક્ષેત્ર પ્રત્યે રસ વધવાની સાથે રોજગારી અને સંશોધનની નવી તકો પણ ઊભી થઈ શકે છે.ઈસરો ચેરમેને જણાવ્યું હતું કે ખાનગી કંપનીઓને રોકેટ અને સેટેલાઈટ બનાવવાની મંજૂરી મળતાં દેશના સ્પેસ સેક્ટરમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધી રહી છે. કોડીનારમાં સ્પેસ પાર્કની મંજૂરીથી ગુજરાતનું નામ દેશના વિકસતા અંતરિક્ષ ક્ષેત્ર સાથે વધુ મજબૂતીથી જોડાશે.

## મોઘવારીનો માર : અમદાવાદ શહેરમાં ચા-કોફીના ભાવમાં ભડકો

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદમાં ખાંડના ભાવમાં થયેલા વધારાની અસર હવે ચા-કોફીના ભાવ પર જોવા મળી રહી છે. ગુજરાત કોલેજ ગેટ પાસેના એક ટી સ્ટોલ પર અડધી ચાનો ભાવ રૂ.૧૦થી વધારી રૂ.૧૫ કરવામાં આવ્યો છે, જ્યારે અડધી કોફી રૂ.૧૫થી વધારી રૂ.૨૦ કરાઈ છે. ચાના પાર્સલનો લઘુત્તમ ભાવ પણ રૂ.૧૦થી વધારી રૂ.૨૦ કરાયો છે. ટી સ્ટોલ સંચાલકના જણાવ્યા મુજબ છેલ્લા દસ દિવસમાં ખાંડનો ભાવ રૂ.૪૫થી વધીને રૂ.૭૦થી



વધુ થયો છે. ગેસના ઊંચા ભાવ અને કાચા માલના વધેલા ખર્ચને કારણે ભાવ વધારવાની ફરજ પડી છે. જોકે, ગ્રાહકોએ ચાના ભાવમાં સીધા ૫૦ ટકાના વધારાને લઈને નારાજગી વ્યક્ત કરી છે. વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને સ્થાનિક વેપારીઓના દૈનિક બજેટ પર પણ તેની અસર પડી રહી છે.

## કચ્છમાં ૩૭ લાખના ગાંજા સાથે પંજાબના શખ્સની ધરપકડ કરાઈ

ભુજ, તા.૨૩

પશ્ચિમ કચ્છ એસઓજીએ મુંદ્રા તાલુકાના મોખા-પ્રાગપર રોડ પરથી ૧૮૫ ગ્રામ હેરોઈનનો જથ્થો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ હેરોઈનની કિંમત આશરે રૂ.૩૭ લાખ હોવાનું પોલીસે જણાવ્યું છે. બાતમીના આધારે એસઓજીની ટીમે રોડ પર વોચ ગોઠવી શંકાસ્પદ ટ્રેલર અને કન્ટેનરની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન હેરોઈન મળી આવતાં પોલીસે પંજાબના મોગા જિલ્લાના ૩૦ વર્ષીય કારનચીત



કુલબીરસિંહ માનિસની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી બે મોબાઈલ ફોન, ડિજિટલ વજનકાંટો અને રૂ.૧.૫૯ લાખ રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર મુદ્દામાલની કિંમત રૂ.૧.૫૮ કરોડથી વધુ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે હેરોઈન ક્યાંથી આવ્યું અને કોને પહોંચાડવાનું હતું તે અંગે તપાસ શરૂ કરી છે. તેમજ આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંકળાયેલા છે તે દિશામાં પણ તપાસ હાથ ધરાઈ છે.

